

જીવ જિનવર છે ને જિનવર જીવ છે, એવી દૃષ્ટિ થાય તેને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે કેટલાય ગઢ ઓળંગીને અંદરમાં જવાય છે. વ્યવહારમાં કેટલાય પ્રકારની લાયકાત હોય, સંસારભાવો જરાય રુચે નહિ, આત્મા...આત્મા. ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. —પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત–૭ □ (૫૨૭) ✻ આત્મધર્મ ✻ (અંક–૩ વર્ષ–૪૪) □ વીર સં. ૨૫૧૩ સપ્ટેમ્બર, ૧૯૮૭

# 卐 હું તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય છું 卐

હું તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય જે છું તે છું. મારામાં જે ગુણ છે તે તેના તે જ છે. તેવા ને તેવા જ છે. હું એકેન્દ્રિયના ભવમાં ગયો ત્યાં મારામાં કાંઈ ઘટી ગયું નથી અને દેવના ભવમાં ગયો ત્યાં મારો કોઈ ગુણ વધી ગયો નથી.—આવી દ્રવ્યદૃષ્ટિ તે જ એક ઉપાદેય છે. જાણવું બધું, દૃષ્ટિ રાખવી એક દ્રવ્ય ઉપર. ૪૦૦.

[ બહેનશ્રીનાં વચનામૃત ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

'હું તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય જે છું તે છું'

મારું સ્વરૂપ તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય છે. શાશ્વત પૂર્ણ ચૈતન્યસ્વરૂપ 'હું' તો જે છું તે છું. જુઓ! સમ્યગ્દૃષ્ટિની આ ભાવના. ધર્મી એમ જાણે છે કે હું તો નિત્ય પૂર્ણાનંદ જ્ઞાયક જે છું તે છું. અહા! ભાષા બહુ સાદી પણ ભાવ ઘણા ગહન.

'મારામાં જે ગુણ છે તે તેના તે જ છે, તેવા ને તેવા જ છે.'

અહા! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ કોઈ અલૌકિક છે; લોકોએ લૌકિક કરીને તોડી નાખ્યો. સમ્યગ્દર્શનનો ભાવ—ધર્મની શરૂઆતની દશાનો ભાવ—જેમ પ્રગટ થયો છે તે એમ માને—જાણે—અનુભવે છે કે—હું તો શાશ્વત છું, નવો થયો નથી; જેને દ્રવ્યદૃષ્ટિએ પર્યાયમાં આવવું થતું નથી, બદલવું થતું નથી એવો હું પરિપૂર્ણ સનાતન શાશ્વત જે ચૈતન્યતત્ત્વ તે જ હું છું. શાશ્વત તો પરમાણુ વગેરે અચેતન તત્ત્વો પણ છે પણ તેમનામાં, અચેતનપણાને લીધે, જ્ઞાન, શાન્તિ વગેરે હોતા નથી. ચૈતન્યતત્ત્વમાં પર્યાયઅપેક્ષાએ જ્ઞાન, અજ્ઞાન, શાન્તિ, અશાન્તિ હોય છે. પરન્તુ પરમાર્થે તો પરિપૂર્ણ જ્ઞાન ને આનંદસ્વરૂપ જે શાશ્વત પૂર્ણ ચૈતન્ય તે જ હું છું. અરે! લોકો કંઈ ને કંઈ માની બેઠા છે. લોકોની સેવા કરીએ, પર જીવની દયા પાળીએ, તો ધર્મ થાય, અરે! આવી ઊંધી માન્યતાએ જગતને મારી નાખ્યું! કોણ કોની સેવા કરે કે દયા પાળે? એ તો ભૂમિકા પ્રમાણે એવો વિકલ્પ આવે અને સેવા કે દયા વગેરે તરફ લક્ષ જાય, તેથી કાંઈ કોઈ, પર-જીવની સેવા કે દયા કરી કે પાળી શકતો નથી.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૩ ]

કહાન
સંવત-૭
વર્ષ-૪૪
અંક-૩
[ ૫૨૭ ]

વીર
સંવત
૨૫૧૩
A. D. 1987
SEPT.




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ✻ જૈનશાસનની પ્રાપ્તિનું વિરલપણું ✻

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( પ્રવચન નં-૭ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રમાં આ શરૂઆતની ગાથાઓમાં પંચપરમેષ્ઠીના સ્વરૂપનું વર્ણન પૂરું થયું. તેમાં શ્રી યોગીન્દ્રદેવ પ્રભાકર ભટ્ટ નામના પોતાના શિષ્યને પંચપરમેષ્ઠીની ભક્તિનો ઉપદેશ આપે છે કે આવા પંચપરમેષ્ઠી જ આદરણીય છે અને વંદનીક છે.

હવે પ્રભાકર ભટ્ટ પૂર્વોક્ત રીતે પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યા પછી પોતાના ગુરુ શ્રી યોગીન્દ્રદેવને નમસ્કાર કરી વિનંતી કરે છે, તેની આ આઠમી ગાથા છે.

જેણે વીતરાગ નિર્વિકલ્પ સમાધિ પૂર્ણ કરી છે એવા અરિહંત, સિદ્ધ અને જે વીતરાગ નિર્વિકલ્પ સમાધિને સાધી રહ્યાં છે એવા સાધુ ભગવંતોને પ્રભાકર ભટ્ટ શુદ્ધ ભાવો પૂર્વક નમસ્કાર કરે છે. ત્યારબાદ પોતાના પરિણામોને નિર્મલ કરીને જિજ્ઞાસા પૂર્વક યોગીન્દ્રદેવને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવવાની વિનંતી કરે છે.

શિષ્યને એક શુદ્ધ આત્મસ્વરૂપ સમજવાની ધગશ જાગી છે. બીજું કાંઈ જાણવાની ઇચ્છા નથી. એક શુદ્ધાત્મા કોણ છે? કેવો છે? કેમ પ્રાપ્ત થાય? એ જાણવાની ધગશ લાગી છે, તેથી મહાભક્તિ સહિત યોગીન્દ્રદેવને વિનંતી કરી પૂછે કે હે સ્વામી! આ સંસારમાં હું અનંતકાળથી વસી રહ્યો છું પરંતુ મને કદી આત્માના અતીન્દ્રિય આનંદની અનુભૂતિ ન થઈ. માત્ર દુઃખ જ મળ્યું છે. તો એ શુદ્ધાત્મા મને કેમ પ્રાપ્ત થાય?

ધર્મને સમજનારાના પ્રશ્નોમાં મુખ્ય પ્રશ્ન આ હોવો જોઈએ. બીજી લાખો વાતો

મૂકીને, સર્વજ્ઞ પરમાત્માએ જાણેલો અને આપ ગુરુઓ જેને અનુભવી રહ્યાં છો એ શુદ્ધાત્મા કેવો છે! એમ વિનય અને ભક્તિ સહિત જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે. ધર્મના જિજ્ઞાસુ જીવ, મને ધન કેમ મળે, રાજ્ય કેમ મળે કે પુણ્ય કેમ થાય, સ્વર્ગ કેવી રીતે મળે? એવા પ્રશ્નો ન કરે. મને તો મારો આત્મા કેમ મળે? એ એક જ પ્રશ્ન હોય, કેમ કે અનંતકાળમાં એક આત્માને જ જાણ્યો નથી, બાકી તો બીજુ બધું કરી કરીને મરી ગયો છે.

પ્રભુ! અમારો અનંતકાળ આ સંસાર-ભ્રમણમાં વીતી ગયો છે. જેના અનંતમાં ભાગમાં અનંત ચોવીશી વીતી જાય એવા પુદ્ગલ-પરાવર્તન મારી ઉપર અનંત અનંત વીતી ગયા છે પણ તેમાં એક સમય પણ મને આત્માનું સુખ મળ્યું નથી.

અનંતકાળમાં પ્રભુ! હું જૈનસાધુ પણ અનંતવાર થયો પણ મેં મારી મિથ્યા દૃષ્ટિ છોડી નહિ તેથી તેમાં પણ મને સુખ ન મળ્યું. ચોરાશીના અવતારમાં હું માત્ર દુઃખ.... દુઃખ ને દુઃખ જ પામ્યો છું. શુભભાવમાં પણ પ્રભુ! મને એકલું દુઃખ જ મળ્યું છે.

સંસારની અનુકૂળ સામગ્રીઓમાં હું સુખ માનીને અટકી ગયો હતો. એ માણસ હોય, એકલા રહેતાં હોય, મેવા-મીઠાઈ ખાવા મળતાં હોય, છોકરાઓ મોટરમાં ફરતાં હોય, પિતાજી....પિતાજી કરી બોલાવતાં હોય તેમાં જ સુખ માનીને પ્રભુ! મેં સાચું સુખ ન શોધ્યું. પરલક્ષીભાવ એ જ દુઃખ છે એ મને ખબર ન પડી. મેં મારા સ્વભાવની અતીન્દ્રિય શાંતિ તરફ લક્ષ પણ ન કર્યું. તેથી અનંતકાળમાં મને સુખની પ્રાપ્તિ ન થઈ એમ પ્રભાકર ભટ્ટ પોકાર કરે છે.

આત્મા સત્ ચિદાનંદ શાંત આનંદની મૂર્તિ છે, તેનાથી વિરુદ્ધ પરદ્રવ્ય તરફ જેટલી લાગણી ઉઠે છે તે બધી દુઃખરૂપ છે. ભણવાનો ભાવ કે વેપારનો ભાવ કે ડોકટરીનો ભાવ કે વકીલાતનો ભાવ એ બધાં દુઃખરૂપ ભાવો છે. અરે! શાસ્ત્રભણતરનો ભાવ પણ દુઃખરૂપ છે. આવા દુઃખરૂપ ભાવોમાં પ્રભુ! મેં અનંતકાળ વીતાવ્યો. હું કદી મારે ઠેકાણે-સ્વરૂપધામમાં આવ્યો નહિ.

નિજ શુદ્ધાત્મા-પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ પરમાત્મા છે. જેમાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ પડી છે એવા નિજ સ્વરૂપમાં એકાગ્રતા કરવાથી પરમ વીતરાગ સમરસીભાવરૂપ આનંદામૃત પ્રગટ થાય છે તેને છોડી મેં તેનાથી વિપરીત નરકાદિ ચારગતિનાં દુઃખરૂપ ક્ષારજળથી ભરેલા સંસાર-સમુદ્રમાં પરિભ્રમણ કરીને દુઃખ જ મેળવ્યું છે.

લોકોમાં કહેવત છે કે પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ ઘેર ચાર દીકરા, ત્રીજું સુખ સુકુળની નાર અને ચોથું સુખ તે કોઠીએ જાર! અને અહીં કહે છે કે તે ચારેય તરફનું લક્ષ છે—આશ્રય છે તે જ દુઃખ છે. રોગી હો કે નીરોગી, નિર્ધન હો કે ધનવાન, વાંઝિયા હો કે દીકરાવાળા, આબરૂવાળા હો કે બેઆબરૂવાળા હો બધાં દુઃખી

જ છે. સ્વાશ્રય છોડીને જેટલો પરાશ્રયભાવ થાય છે તે દુઃખ જ છે. શિષ્ય કહે છે પ્રભુ! હું રાજા થયો, મોટો બાદશાહ થયો, અરે! નવમી ગ્રૈવેયકનો દેવ થયો પણ મને કદી આત્માનું સુખ ન મળ્યું. ચારગતિના દુઃખથી પૂર્ણ ભરેલા દરિયાનો મને અનુભવ થયો.

આ સંસારરૂપી સમુદ્રની વ્યાખ્યા ચાલે છે. જેમાં આત્માના અજર–અમર પદથી ઊલટા જન્મ, જરા અને મરણરૂપી જલચરોનો સમૂહ ભર્યો છે અને અનાકુળતારૂપ નિશ્ચયસુખથી વિપરીત અનેક પ્રકારની આધિ–વ્યાધિના દુઃખરૂપ વડવાનળની શિખાથી જે પ્રજ્વલિત થયો છે એવા સંસારસમુદ્રમાં મને આકુળતાની અગ્નિનો જ અનુભવ થયો છે. ક્યાંય મને અનાકુળ આનંદનું ટીપું પણ મળ્યું નથી. હવે મને એ અનાકુળ આનંદનું સ્વરૂપ સમજાવો એમ શિષ્ય ગુરુને વિનંતી કરે છે.

જેમ સમુદ્રમાં પાણીના મોજાની કલ્લોલો ઊછળે છે તેમ આ સંસારસમુદ્રમાં વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી રહિત શુભાશુભ ભાવરૂપ મહાન સંકલ્પ–વિકલ્પજાળની કલ્લોલમાળાઓ ઉઠી રહી છે, એવા દુઃખરૂપ સંસારમાં રહેતાં હે પ્રભુ! મને અનંતકાળ વીતી ગયો.

જેને લોકો જીવ માનવા પણ તૈયાર ન થાય એવી એકેન્દ્રિય પર્યાયમાં મેં અનંતકાળ ગાળ્યો. પૃથ્વી, પાણી, વનસ્પતિ, વાયુ અને અગ્નિ એ બધાં એકેન્દ્રિય જીવો છે. પાણીના એક ટીપામાં અસંખ્ય જીવ છે, અગ્નિના એક કણમાં અસંખ્ય જીવ છે. વનસ્પતિમાં લીમડાના એક પાનમાં અસંખ્ય જીવ અને બટાટાની એક કટકીમાં અનંતજીવ છે, આવા ભવોમાં પ્રભુ! મેં અનંતકાળ ગાળ્યો છે, એમ કહીને શિષ્ય પોતાના પૂર્વનો ઇતિહાસ ખડો કરે છે.

એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌઇન્દ્રિય સ્વરૂપ વિકલત્રય પર્યાય પ્રાપ્ત કરવી પણ દુર્લભ છે. તેનાથી વધીને પંચેન્દ્રિય થવું તે વધુ દુર્લભ છે. તેમાં પણ સંજ્ઞી પંચેન્દ્રિય થવું, છ પર્યાપ્તિની પૂર્ણતા મળવી તે તેનાથી પણ દુર્લભ છે. તેમાં પણ મનુષ્ય થવું તે તો અત્યંત દુર્લભ છે. તેમાં પણ આર્યક્ષેત્ર, ઉત્તમકુળ–બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યકુળમાં જન્મ મળવો દુર્લભ છે, તેનાથી પણ સુંદરરૂપ, પાંચ ઇન્દ્રિયોની પ્રવીણતા, લાંબુ આયુષ્ય આદિ મળવું ઉત્તરોત્તર દુર્લભ છે. જૈનકુળમાં જન્મે પણ બે–પાંચ વર્ષના ટૂંકા આયુષ્યમાં ચાલ્યો જાય તો શું કામનું? માટે લાંબુ આયુષ્ય મળવું પણ દુર્લભ છે. તેમાં પણ શરીરમાં બળ અને નીરોગતા ન હોય તો રોગની સારવારમાં રોકાય જાય છે. હવે કહે છે એ શરીરની નીરોગતા હોય તોપણ વીતરાગી જૈનધર્મ પ્રાપ્ત થવો તે તો મહા મહાદુર્લભ છે.

આટલી વસ્તુઓ કદાચિત્ મહાભાગ્યે મળી જાય તોપણ શ્રેષ્ઠ બુદ્ધિ, અને વીતરાગી તત્ત્વનું શ્રવણ મળવું પણ દુર્લભ છે. સત્ય વાત સાંભળવા પણ ન મળે તે શું કરે?

જુઓ! આમાં બાયડી-છોકરાં મળવા દુર્લભ છે એમ ન કહ્યું પણ વીતરાગે કહેલો ધર્મ શ્રવણ કરવા મળવો તેને દુર્લભ કહ્યો છે પણ મૂરખ ધર્મને માટે કદી રોતો નથી પણ ઘરમાંથી એક માણસ મરે ત્યાં રોવા બેસે છે પણ રોનારો તું ક્યાં અહીં બેસી રહેવાનો છો? તારે પણ એક દિવસ જવાનું જ છે માટે રોવાનું છોડ અને ધર્મ મહાભાગ્યે સાંભળવા મળ્યો છે તેનું શ્રવણ કર!

ધર્મનું શ્રવણ મળ્યા પછી પણ તેનું ગ્રહણ ન થાય, વાત સમજવામાં ન આવે તો શું લાભ? આત્મા અનંતગુણનો પિંડ છે, તે પરનું કાંઈ કરી શકતો નથી, રાગાદિ થાય તે ધર્મ નથી, તે આત્માનું સ્વરૂપ નથી, આવી વાત સાંભળવા મળે પણ પકડાય નહિ માટે કહ્યું કે ધર્મશ્રવણ મળ્યા પછી તેનું ગ્રહણ થવું કે ગુરુ આમ કહેવા માગે છે તે ગ્રહણ પણ દુર્લભ છે.

ભગવાન સર્વજ્ઞપ્રભુ આત્માના રાગરહિત સ્વભાવને ગ્રહણ કરવો તેને ધર્મ કહે છે. દયા-દાન-વ્રત પાળવા એ પુણ્ય છે, ધર્મ તેનાથી જુદી ચીજ છે. આ વાત બુદ્ધિમાં પેસવી કઠણ પડે છે અને બુદ્ધિમાં ગ્રહણ થાય તોપણ તેનું ટકી રહેવું ધારણ થવું એનાથી પણ દુર્લભ છે, અમે પહેલાં વ્યાખ્યાનમાં પંચમેષ્ઠીનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ સમજવાની વાત કરતાં તો લોકોને 'સ્વરૂપ' શબ્દ સાંભળીને એમ થતું કે આ સ્વરૂપ વળી શું? વીતરાગની વાતનું સ્વરૂપ સમજવું પણ લોકોને દુર્લભ છે તો તેનું 'ધારણ' તો કેટલું દુર્લભ લાગે?

ભગવાન વીતરાગ તીર્થંકર પરમદેવ આત્માનું વીતરાગસ્વરૂપ કહે છે. તેને પુણ્ય-પાપના રાગ રહિત અંતર્દષ્ટિ કરીને અનુભવમાં લેવું તેને ભગવાન ધર્મ કહે છે. એમ પહેલાં ધારણામાં નક્કી થવું જોઈએ. ત્યારપછી તેની અંતરથી રુચિ થવી કે ભગવાન કહે છે માટે નહિ પણ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એમ ભગવાન જાણે છે અને એવું જ કહે છે એમ અંતર રુચિમાં વાત બેસી જવી તે અત્યંત દુર્લભ છે.

વસ્તુનું સ્વરૂપ સાંભળીને તેનું ગ્રહણ, ધારણ અને શ્રદ્ધાન થયા પછી પાંચ ઇન્દ્રિયના દમનરૂપ સંયમ પ્રગટ કરવો અને વિષયસુખોથી નિવૃત્તિ પામવી એ તેનાથી પણ દુર્લભ છે. એ પણ થયા પછી ક્રોધાદિ કષાયોનો અભાવ થવો એ વધુ દુર્લભ છે.

આ બધાંમાં સૌથી ઉત્કૃષ્ટ એવી શુદ્ધાત્મ ભાવનારૂપ રાગરહિત-વીતરાગ નિર્વિકલ્પ સમાધિ-શાંતિ પ્રાપ્ત થવી તે ઘણી દુર્લભ છે. કેમકે આ નિર્વિકલ્પ વીતરાગ સમાધિના શત્રુ જે મિથ્યાત્વ અને વિષય-કષાય આદિ છે તેની ઘણી પ્રબળતા છે. જુઓ! મિથ્યાત્વભાવને વેરી કહ્યો છે. જ્યાં મિથ્યાત્વભાવ હોય ત્યાં આત્માની શાંતિ પ્રગટતી નથી.

દેહની ક્રિયા હું કરું છું. પરદ્રવ્યમાં હું ફેરફાર કરી શકું છે, પરદ્રવ્ય મને લાભ-

નુકશાન કરે છે, પરની દયા પાળવાથી લાભ છે, પુણ્યમાં મારું કાંઈક હિત છે એવી બધી મિથ્યાત્વની ગ્રંથિ છે તે આત્મશાંતિની વેરણ છે. ચોથા ગુણસ્થાને આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતારૂપ સમાધિ થતાં મિથ્યાત્વનો નાશ થાય છે.

જગતમાં અનાદિથી આત્માની બોધિ–સમાધિથી વિપરીત મિથ્યા માન્યતાની પ્રબળતા વર્તે છે. આ મિથ્યાત્વ અને વિષય–કષાયની પ્રબળતાને લીધે જીવોને સમ્યગ્દર્શન–જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત થતાં નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પ્રાપ્તિ તે જ બોધિ છે અને તેને નિર્વિઘ્નપણે ધારણ કરવી તે સમાધિ છે.

વીતરાગ સર્વજ્ઞ ભગવાને આત્માને અનંત ગુણવાળો જોયો છે, જાણ્યો છે અને કહ્યો છે. પ્રભાકર ભટ્ટ કહે છે કે મેં અનાદિથી આત્માનું આવું સ્વરૂપ જાણ્યું નથી અને વિપરીત માન્યતા જ કરી છે તેથી હું દુઃખી થઈ રહ્યો છું.

પ્રતિક્રમણમાં તીર્થંકરોની સ્તુતિમાં ભગવાનને બોધિ–સમાધિના દાતા કહ્યા છે. પ્રભુ! મને પુણ્ય–પાપના વિકાર રહિત ભાવ–આરોગ્ય પ્રાપ્ત થાય અને મરતાં સુધી મારી બોધિ ટકી રહે સમાધિમરણ થાય અને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી એવી ને એવી બોધિ ટકી રહે એવી હું ભાવના ભાવું છું.

અહીં પ્રભાકર ભટ્ટ–શિષ્ય કહે છે પ્રભુ! મારામાં આવી બોધિ અને સમાધિનો અભાવ છે તેથી ચારગતિમાં હું બહુ બહુ દુઃખ પામ્યો ક્યારેય મને મારું વીતરાગ પરમાનંદ સુખ ન મળ્યું માટે હવે મને એ બોધિ–સમાધિ કેમ પ્રાપ્ત થાય તે કહો.

પ્રભુ! ચારગતિમાં મેં શારીરિક અને માનસિક દુઃખ જ ભોગવ્યાં. પુણ્ય–પાપની આકુળતામાંથી હું ઊંચો ન આવ્યો. પુણ્ય–પાપની પાછળ રહેલાં આત્માના ભાન વગર મેં માત્ર દુઃખ જ ભોગવ્યું.

સંસાર–સાગરમાં ભ્રમણ કરતાં આગળ કહ્યું તે પ્રમાણે મનુષ્યદેહ જૈનશાસન અને સમ્યગ્જ્ઞાન આદિ પ્રાપ્ત થવા મહા દુર્લભ છે. એ મળ્યાં પછી બિલકુલ પ્રમાદ ન કરવો જોઈએ. જે પ્રમાદી થાય છે તે અનંતકાળ સુધી સંસારવનમાં ભટકે છે. આવી જ વાત બીજા શાસ્ત્રમાં પણ કહી છે કે આ મહાન દુર્લભ જે જૈનશાસ્ત્રનું જ્ઞાન છે તે પ્રાપ્ત થયા પછી જે જીવ પ્રમાદી થઈ જાય છે તે ભિખારી બની ઘણા કાળ સુધી સંસારમાં ભટકે છે.

સમ્યક્ શ્રદ્ધા થયા પછી જે તેની રક્ષા ન કરે અને દુનિયા શું કહે છે તેમાં લક્ષ કરી પ્રમાદી બને છે તે સંસારવનમાં ભટકે છે. માટે કહ્યું કે વીતરાગ પરમાત્માએ કહેલાં પુણ્ય–પાપ રહિત નિજ શુદ્ધાત્માના શ્રદ્ધા–જ્ઞાન પામીને પછી જીવે આળસ ન કરવી–પ્રમાદ ન કરવો. પ્રમાદમાં રોકાઈને નિજ શુદ્ધાત્માની દૃષ્ટિને ગોપવી ન દેવી.

જે અપૂર્વ દૃષ્ટિ અને જ્ઞાન પ્રગટ થયા છે તેને દુનિયા સાથે મેળવવા જાય તો તેનો મેળ ન ખાય. માટે ગુરુ શિષ્યને સાવધાન કરે છે કે દુનિયા સામું જોઈને તું તારી શ્રદ્ધાને ઢીલી ન કરીશ, દુનિયા આ વાત માનતી નથી માટે તું શંકા કરીશ નહિ.

નિયમસારમાં આવે છે કે આ સુંદર માર્ગની ઈર્ષા કરનારા અને નિંદા કરનારા તો દુનિયામાં ઘણા નીકળશે પણ તેને જોઈને તું તારી શ્રદ્ધાની મૂડીને ખોઈ ન નાખીશ! ધર્મના ચોર-લૂંટારાનું તું ધ્યાન રાખજે કે એ ક્યાંક તારી મૂડી ચોરી ન જાય! તારી શ્રદ્ધાને જાળવીને રાખજે. પ્રમાદી ન બનીશ.

અનંતકાળમાં જૈનશાસન મળવું મહા દુર્લભ છે. અન્યમતમાં તો ક્યાંય આ સત્ય વાત નથી પણ જૈનના વાડાઓમાં પણ ક્યાંય આ સત્ય નથી એવું સત્ય જૈનશાસન તને મળ્યું છે, તે મહાદુર્લભ રત્ન છે, તેને દુનિયાના માન-આબરું આડે વેડફી ન નાખીશ. ભાઈ! ભગવાનની વાણીમાં આવ્યું કે આ જીવ સમકિતી ભવ્ય છે પછી તારે ત્રણભુવનમાં કોની પાસેથી માન જોઈએ છે? અને ભગવાનની વાણીમાં આવ્યું કે આ જીવની દૃષ્ટિ મિથ્યા છે તો તેનાથી મોટું અપમાન બીજું શું હોય?

આ રીતે આઠમી ગાથાનો સારાંશ એ થયો કે સમ્યગ્દર્શનમાં જે આનંદ આવે છે તે જ ખરો આનંદ છે. એવો વીતરાગ પરમાનંદ ન મળવાથી જીવ સંસારવનમાં ભટકી રહ્યો છે—દુઃખી થઈ રહ્યો છે, માટે વીતરાગ પરમાનંદસુખ જ આદર કરવા યોગ્ય છે. આત્માની દૃષ્ટિ જ્ઞાન કરીને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તે જ આદરવા યોગ્ય છે, બાકી પુણ્ય-પાપ આદિ કોઈ આદરવા યોગ્ય નથી. * [ક્રમશઃ]

## 卐 પ્રત્યક્ષ અનુભવગોચર ભગવાન આત્માને અનુભવો 卐

* ગુરુદેવનું દ્રવ્ય જ અલૌકિક હતું. તેમની વાણી પણ અલૌકિક હતી કે અંદર આત્માની રુચિ જગાડે. તેમની વાણીનાં ઊંડાણ ને રણકાર કંઈક જુદાં જ હતાં. વાણી સાંભળતાં અપૂર્વતા લાગે ને 'જડ-ચૈતન્ય જુદાં છે' તેવો ભાસ થઈ જાય એવી વાણી હતી. 'અરે જીવો! તમે દેહમાં બિરાજમાન ભગવાન આત્મા છો કે જે અનંત ગુણોનો મહાસાગર છે, મન-વચન-કાયાથી જુદો છે અને વિભાવથી પણ પેલે પાર છે. તે પ્રત્યક્ષ અનુભવગોચર ભગવાનને તમે અનુભવો; તમને પરમાનંદ થશે'—આવી ગુરુદેવની અનુભવયુક્ત જોરદાર વાણી શ્રોતાઓને આશ્ચર્યચકિત કરતી. ઘણી પ્રબળ વાણી! સંસારના ઝેર ઉતારી નાખે; વિષય-કષાયને પાતળા કરી નાખે; પાપનો રસ તો નીતરી જ જાય, પરંતુ પુણ્યનો રસ પણ ન રહે; શુદ્ધ પરિણતિની અને શુદ્ધ જ્ઞાયક આત્માની લગની લગાડે એવી મંગળમય વાણી ગુરુદેવની હતી. —પૂજ્ય બહેનશ્રી

# * નિજનિધાનને ખોલવાની ચાવી *

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( પ્રવચન નં-૪૩ )

શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્રજીની આ ૩૭ મી ગાથા શરૂ થાય છે.

જેમ જેમ વિષયો સુલભ, પણ નહિ રુચિમાં આય,
તેમ તેમ આતમ-તત્ત્વમાં, અનુભવ વધતો જાય. ૩૮.

ગાથાનો અર્થ એ છે કે ધર્મી જીવને જેમ જેમ સહજ પ્રાપ્ત થયેલાં ઇન્દ્રિય વિષયભોગો રુચિકર નથી લાગતાં તેમ તેમ સ્વાત્મ-સંવેદનમાં નિજાત્માનુભવનની પરિણતિ વૃદ્ધિને પ્રાપ્ત થતી જાય છે.

ધર્મી જીવને પોતાના આત્મામાં જ પોતાનો ધર્મ ભાસે છે. ધર્મ કહેતાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ આદિ બધી ધર્મની પર્યાય છે. આ ધર્મપર્યાય કોઈ સંયોગોના અવલંબનથી કે રાગના કે એક સમયની પર્યાયના અવલંબનથી પ્રગટ થતો નથી પણ ત્રિકાળ શુદ્ધ નિજ પરમાત્મતત્ત્વના અવલંબનથી જ તે પ્રગટ થાય છે કેમ કે વસ્તુ પોતે અનંત આનંદ આદિ અનંત ધર્મોથી ભરેલી છે.

આત્મામાં જ આનંદ છે એવી શ્રદ્ધા થાય, જ્ઞાન થાય અને આત્મામાં જ આનંદ છે એવી સ્થિરતા થાય તેનું નામ ધર્મ છે. આવી શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા થયા પછી ધર્મીને પૂર્વ પુણ્યને કારણે સહજ પ્રાપ્ત થતાં ઇન્દ્રિય વિષયોમાં પણ આનંદ ભાસતો નથી. પાંચ-પચાસ કરોડની લક્ષ્મી કે મોટા અધિકારમાં ધર્મીને આનંદ ભાસતો નથી કેમ કે તેણે અનંત આનંદથી ભરેલી નિજલક્ષ્મી અને અધિકારનું અવલોકન કરી લીધું છે.

અજ્ઞાનીએ અનાદિકાળથી અનંતવાર પરનું અવલોકન કર્યું પણ એક સમય પણ પોતાનું અવલોકન કર્યું નથી. અને જેણે એક સમય પણ પોતાનું અવલોકન કર્યું છે એવા ધર્મીને બહારમાં ક્યાંય રુચિ થતી નથી. જેમ રમતાં બાળકને પિતા ભણવા મોકલે તો ભણવા જાય છે પણ તેનું મન રમતમાં હોય છે કે ક્યારે ભણવાનું પૂરું થાય અને રમવા ચાલ્યો જાઉં, તેમ ધર્મીને સ્વભાવની રુચિ જાગી છે તેથી બહાર વિકલ્પમાં રસ આવતો નથી ને એમ થાય છે કે ક્યારે હું મારા સ્વભાવમાં રમણતાં કરું !

ધર્મી અન્યાયથી મળેલી લક્ષ્મી આદિ તો વાપરતાં જ નથી પણ પૂર્વ પુણ્યોદયે સહજ પ્રાપ્ત ઇન્દ્રપદ, ઇન્દ્રાણીનો સંયોગ, ચક્રવર્તીપદ અને ૯૬૦૦૦ રાણીનો સહજ

યોગ મળે છતાં ધર્મીને તેમાં સુખબુદ્ધિ થતી નથી. સમયસાર નાટકમાં આવે છે કે ધર્મી પૂર્વ પુણ્યથી પ્રાપ્ત બાહ્ય વિષયભોગોને વિષ્ટા સમાન જાણે છે તેથી જેમ વિષ્ટા છોડવા લાયક છે તેમ ધર્મી વિષયભોગો તરફનું લક્ષ છોડવા જેવું છે એમ જાણે છે.

શ્રીમદ્ રાજચંદ્ર પણ ૧૬ વર્ષની ઉંમરે આમ લખે છે કે—

"લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
એનો વિચાર નહિ અહોહો, એક પળ તમને હવો."

લક્ષ્મી વધે, અધિકાર વધે કે કુટુંબ વધે તેમાં તારામાં શું વધ્યું ભાઈ! તારી ગુણસંપદા અને ગુણસમાજ તો તારી પાસે જ છે તેનાથી તારી મોટાઈ છે.

અશુભની રુચિ તો ઠીક પણ જેને શુભભાવની રુચિ છે તેને શુભના ફળમાં પ્રાપ્ત ભોગોની પણ રુચિ છે. તેથી જ એક જગ્યાએ કહ્યું છે કે જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે. વ્રતાદિના પરિણામ પુણ્ય છે, વિકાર છે, અચેતન છે, તે તો ચૈતન્ય-સ્વભાવથી વિરુદ્ધભાવ છે. તેની જેને રુચિ છે તેને ભોગોની જ રુચિ છે, તેને ખરેખર ચારગતિના ભવભ્રમણની રુચિ છે, આત્માની રુચિ નથી.

ધર્મીને તો પરદ્રવ્યનો અને વિકલ્પનો સંગ થાય છે તેમાં દુઃખ લાગે છે. કોઈ પ્રશંશા કરે તે ગાળ સમાન લાગે છે. પુણ્ય-પાપના ભાવ ઝેર જેવા લાગે છે. મંત્ર-તંત્રાદિ દુઃખરૂપ લાગે છે. પોતાની નિધિ પોતામાં જોઈ છે તેથી બહાર કાંઈ સુખરૂપ લાગતું જ નથી. પોતાના નિધાનમાં એકાગ્રતા કરવી તે જ નિધાન ખોલવાની ચાવી છે તેથી ધર્મી તેનો જ પ્રયત્ન કરે છે. પુણ્ય-પાપની ક્રિયા તે નિધાન ખોલવાની ચાવી નથી. તેથી ધર્મીને તેમાં રસ નથી.

લૌકિક ઉન્નતિથી ધર્મી પોતાની ઉન્નતિ માનતાં નથી. શરીરની કાંતિને ધર્મી રાખ સમાન જાણે છે. જડની સુંદરતાથી પોતાની સુંદરતા માને છે તે તો મૂઢ છે, તેને પોતાની સુંદરતાનું ભાન નથી. નજર કરતાં જ જ્યાં નિધાન હાથમાં આવે તેમ છે એવી પોતાની વસ્તુને તો અજ્ઞાની જોતો નથી, સંભાળતો નથી અને જેમાં કાંઈ નથી એવા જડ વિષયો તરફ સાવધાનીપૂર્વક નજર રાખીને બેઠો છે.

મારા ચૈતન્યઘરમાં અનંત સિદ્ધ પરમાત્મા બિરાજે છે, એવું જાણતા ધર્મીને બાહ્ય ઘર તો બાણની અણી સમાન દુઃખદાયી લાગે છે. કુટુંબના કાર્ય કાળ સમાન લાગે છે. લોકલાજ લાળ સમાન, આબરૂ-કીર્તિ નાકના મેલ સમાન અને ભાગ્યોદય ધર્મીને વિષ્ટા સમાન લાગે છે.

ભાગ્યોદયથી મોટા મોટા મકાન આદિ બધી અનુકૂળ સામગ્રી મળે પણ તેનાથી આત્માને શું લાભ? તે કોઈ ચીજ આત્મામાં આવતી નથી. આત્મામાં તો તેની મમતા આવે છે જે આત્માને દુઃખ દેનારી છે તેથી ચક્રવર્તીપદ પણ ધર્મીને રુચતું નથી.

ભગવાન આત્માના સત્ત્વમાં-તત્ત્વમાં આનંદ નિધાન ભર્યું છે તેની દૃષ્ટિ-રુચિ થઈ તેને બહારમાં કાંઈ ચેન પડતું નથી. રસ પડતો નથી, ખુશી લાગતી નથી-રાજીપો થતો નથી. આવા ધર્મીને બનારસીદાસ કહે છે કે હું નમસ્કાર કરું છું.

જ્ઞાનીએ બહારમાં તો બધું જોઈ લીધું પણ ક્યાંય સુખ ન મળ્યું. શાસ્ત્રો પણ વાંચ્યા પણ શાસ્ત્રના અવલંબનથી પણ આનંદ ન મળ્યો. સ્વાત્મસંવેદનમાં જ સુખ-આનંદ બધું મળ્યું પછી હવે તેને બહારના બધાં ભોગો દુઃખદાયક ભાસે છે. અને જેમ જેમ એ સહજ મળેલાં બાહ્ય વિષયોમાં અરુચિ વધતી જાય છે તેમ તેમ આત્માનુભવમાં ક્ષણે-ક્ષણે વૃદ્ધિ થતી જાય છે.

શ્રોતાઃ—આપ કહો છો ગુરુથી કે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી પણ ગુરુની વાણી સાંભળ્યા વગર જ્ઞાન ક્યાંથી થાય?

પૂજ્ય ગુરુદેવઃ—આ વાત આગળ આવી ગઈ છે કે પોતાનો આત્મા જ પોતાના કલ્યાણનો માર્ગ બતાવનારો ગુરુ છે. જેને અંદરથી પાત્રતા જાગી છે-આત્માને ઓળખવાની જિજ્ઞાસા જાગી છે તેને ગુરુ મળ્યા વગર રહેતાં નથી. અરે! ગુરુ તો શું સાક્ષાત ભગવાનનો યોગ પણ બની જાય છે. એવી ઊંડી ભાવના હોય કે મરીને મહાવિદેહક્ષેત્રમાં ભગવાનના યોગમાં જન્મ લે. પોતાની પાત્રતા હોય અને નિમિત્ત ન મળે એમ બનતું નથી. પણ નિમિત્ત મળે છતાં પાત્રતા ન હોય તો નિમિત્ત શું કરે? અનંત ભવમાં અનંતવાર જીવ સાક્ષાત્ ભગવાનના સમવસરણમાં જઈ આવ્યો-વાણી સાંભળી આવ્યો પણ પોતાના સ્વરૂપના અવલોકનની રુચિ વિના સાંભળેલું બધું શૂન્ય થઈ ગયું.

ભગવાનની વાણીમાં હેય-ઉપાદેય તત્ત્વની વાત આવે છે, તેને શિષ્ય બરાબર પકડી લે કે આનંદસ્વરૂપ નિજ આત્મા ઉપાદેય છે અને રાગાદિ સર્વ હેય છે. આમ પકડીને ભેદજ્ઞાન કરી લે તો તે પોતે જ પોતાનો ગુરુ બની જાય છે અને ભગવાન તેમાં નિમિત્ત છે.

અહીં પૂજ્યપાદસ્વામીએ અમૃતચંદ્ર આચાર્યનો કળશ આપ્યો છે અને બનારસીદાસે કરેલા તેના હિન્દી અનુવાદનો આધાર આપ્યો છે કે ભાઈ! તું કહે છે કે મને સમ્યગ્દર્શન કેમ થાય? કેમ થાય? પણ ભાઈ! તું મારો ઉપદેશ માન કે છ મહિના જગતથી ઉદાસ થઈ, સંકલ્પ-વિકલ્પનો વિકાર તજી, એકાંતમાં સ્થિર થઈ આત્માને અનુભવવાનો અભ્યાસ કર તો તને જરૂર સમ્યગ્દર્શન થશે. તારા ઘટરૂપી સરોવરમાં તું જ કમળ બનીને તું જ તેની સુવાસ લેવા લાગીશ.

લોકો મેટ્રિક અને એલ. એલ. બી.ના અભ્યાસમાં તો વર્ષો વીતાવે છે તો અહીં તો માત્ર છ મહિનાનો જ અભ્યાસ કહ્યો છે કે તું છ મહિના તો એક આત્માની લગની લગાડી જો! પછી તને અનુભવ ન થાય તો કહેજે.

સર્વજ્ઞ પરમાત્મા પણ આત્માની એટલી મહિમા–પ્રસિદ્ધિ કરે છે કે તારું સ્વરૂપ એવું છે કે મારી વાણીમાં પણ પૂરું આવી શકતું નથી. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શકયાં નહિ તે પણ શ્રી ભગવાન જો, તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો!'

આવો ભગવાન આત્મા એક સમયમાં અનંતગુણની ખાણ પડી છે તે કેમ પ્રાપ્ત ન થાય? થાય જ. તું નક્કી કર કે મને મારો ભગવાન આત્મા પ્રાપ્ત થશે જ. તેને માટે રઢ લાગવી જોઈએ.

આચાર્ય શિષ્યને ઉપદેશ આપે છે કે ભાઈ! ઊભો રહે. તીર્થયાત્રા કરવાથી કલ્યાણ થશે કે વ્રત–ભક્તિ, પૂજા કરવાથી કલ્યાણ થશે એવા વ્યર્થ કોલાહલને તું છોડી, નિશ્ચિત થઈ એક છ માસ સુધી એકાંતમાં તારા આત્માનું અવલોકન તો કર! આ છ માસ તો વધારેમાં વધારે મુદત આપી છે. અંતર્મુહૂર્તમાં પણ આત્માના દર્શન થઈ શકે છે. માટે તું જો! હૃદયરૂપી સરોવરમાં કર્મ, વાણી, મન, શરીરાદિ પુદ્‌ગલથી ભિન્ન ચૈતન્યના તેજથી ભરેલાં આત્માની તને ઉપલબ્ધિ થશે, જરૂર થશે.

બહારમાં એક ચીજ મળે ત્યાં તો જોવામાં એકાકાર થઈ જાય છે તો આ તો બધાને જોનાર–જાણનાર મહાન ચૈતન્યતેજ છે તેને ગુરુગમથી યથાર્થ સમજી તેનો અભ્યાસ કર અને અવલોકન કર તો તેની તને પ્રાપ્તિ થશે, થશે ને થશે જ.

હવે ૩૯મી ગાથામાં આત્મસંવિત્તિ વધવાથી શું શું થાય છે અને પરિણતિ કેવી થવા લાગે છે તે વાત પૂજ્યપાદસ્વામી સમજાવે છે.

આત્મસંવિત્તિ એટલે આત્માનું વેદન–જ્ઞાન, આનંદ, શાંતિનો અનુભવ થાય તેને આત્મસંવિત્તિ કહેવાય છે.

> ઇંદ્રજાલ સમ દેખ જગ, આતમહિત ચિત્ત લાય,
> અન્યત્ર ચિત્ત જાય જો, મનમાં તે પસ્તાય. ૩૯.

યોગી કહેતાં જેણે આત્માની દૃષ્ટિ કરી છે અને તેમાં જોડાણ કર્યું છે એવા જ્ઞાની આખા સંસારને ઇંદ્રજાલ સમાન જાણે છે. આત્મસિદ્ધિમાં જ્ઞાનીદશાનું વર્ણન કરતાં શ્રીમદ્ રાજચંદ્ર કહે છે ને! 'સકળ જગત તે એંઠવત્, અથવા સ્વપ્ન સમાન, તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન.'

ધર્મી આખા જગતને એંઠ સમાન જાણે છે કેમ કે જીવને દરેક વસ્તુનો સંયોગ અનંતવાર થયો છે તે જ સંયોગ ફરી અત્યારે મળ્યો છે, માટે તે એંઠ છે, અથવા સ્વપ્નામાં ઘણો વૈભવ આદિ જોયો હોય પણ નિંદ્રા ઉડે ત્યાં તે કાંઈ હોતું નથી તેમ આ બધાં વૈભવ સ્વપ્ન સમાન છે, એમ જાણતાં હોવાથી જ્ઞાનીને તેમાં રુચિ થતી નથી. અને અજ્ઞાની એ વૈભવ આદિ અનુકૂળ સામગ્રીની હોંશમાં આમ કરશું, તેમ કરશું ને મોટી ઉંમરે ધર્મ કરશું એમ કરતો કરતો મરી જાય છે તો પછી સારો ભવ પણ પામતો નથી.

ધર્મી તો એક આત્મસ્વરૂપની પ્રાપ્તિની જ અભિલાષા કરે છે, તથા જો કદાચ અન્ય વિષયમાં રાગ આવે છે, તો પશ્ચાતાપ કરે છે કે અરે! હું આ કયાં ખોવાઈ ગયો! આ મારું સ્વરૂપ નથી. મારા સ્વરૂપ ઘરમાંથી બહાર નીકળીને હું અહીં કયાં આવી ગયો? શાસ્ત્રમાં તો એટલે સુધી કહ્યું છે કે 'શાસ્ત્રમાં જતી બુદ્ધિ વ્યભિચારિણી છે.' એ ભલે શુભભાવ છે પણ પોતાના સ્વરૂપથી બહાર છે માટે આદરણીય નથી. તેથી ધર્મીને બહારમાં કોઈપણ વિષયમાં રાગ થઈ જાય છે તો પશ્ચાતાપ થાય છે, દુ:ખ થાય છે તેથી પાછો વળીને ફરી સ્વરૂપમાં જવાનો પ્રયત્ન કરે છે. આમ, તેને અંતરમાં ધર્મની વૃદ્ધિ થાય છે.

—૦—

## 卐 દૃષ્ટિનાં નિધાન તારી પાસે જ છે 卐

* જગતમાં તીર્થંકર ભગવાન સર્વોત્તમ વિભૂતિ છે. આપણને તો આ ભવિષ્યના તીર્થંકર ભગવાન મળી ગયા; વર્તમાન ભગવાનની જેમ જ તેમની વાણીના શ્રવણનું સૌભાગ્ય મળ્યું. ગુરુદેવે વર્ષો સુધી વાણી વરસાવી. આ ભરતક્ષેત્રમાં દિવ્યધ્વનિની જેમ જ ગુરુદેવની ધ્વનિ ગાજતી હતી. તેના શ્રવણ જેવું બીજું સૌભાગ્ય કયું? ગુરુદેવે બધાને દ્રવ્યદૃષ્ટિનો અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય તરફ ઝૂકવાનો ઉપદેશ આપ્યો. તું પણ આ તરફ ઝૂકી જા; નિધાન તારી પાસે જ છે, કયાંય ગોતવા જવું પડે એમ નથી.

—પૂજ્ય બહેનશ્રી

# * વૈરાગ્યજનની : બાર ભાવના *

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ લોકભાવના ચાલે છે. લોકમાં છ દ્રવ્યો છે, તે બધાય સમયે સમયે નવી નવી પર્યાયરૂપે પરિણમી રહ્યાં છે. પૂર્વ અવસ્થાસહિત દ્રવ્ય તે નવી અવસ્થાનું કારણ છે. એ પ્રમાણે ત્રણે કાળમાં સમયે સમયે વસ્તુમાં કારણ-કાર્યપણું છે. ખરેખર પૂર્વ પરિણામનો વ્યય થઈને નવા પરિણામ થાય છે. પહેલાં સમયમાં અસ્તિરૂપ પરિણામ છે તેનો બીજા સમયે તો નાશ થાય છે. દ્રવ્યની સળંગતાની અપેક્ષાએ પૂર્વ પર્યાયને ઉત્તર પર્યાયનું કારણ કહ્યું છે, પૂર્વ પર્યાયમાં વસ્તુ હતી, તે વસ્તુની સાથે પરિણામની સંધિ છે, એટલે પૂર્વ પરિણામયુક્ત વર્તતું દ્રવ્ય તે કારણ ને ઉત્તર પરિણામયુક્ત દ્રવ્ય તે કાર્ય છે. દ્રવ્યના પરિણામની ધારા તૂટતી નથી. દ્રવ્યનું અભેદપણું રાખીને પરિણામના કારણ-કાર્યની વાત કરી છે. પરિણામનો વ્યય થઈ જાય છે, પણ દ્રવ્ય ધ્રુવ રહે છે. ધ્રુવદ્રવ્ય સાથે પરિણામની સંધિ તૂટતી નથી, દ્રવ્ય કથંચિત્ પરિણામી છે. દ્રવ્યને પરિણામ સર્વથા ભિન્ન નથી. દરેક દ્રવ્ય પોતે જ પોતાના કારણ-કાર્યપણે વર્તે છે. તેમાં બીજો શું કરે? અનાદિથી દ્રવ્યના પરિણામમાં કારણ-કાર્યનો પ્રવાહ ચાલી જ રહ્યો છે, એક પરમાણુને લીધે બીજો પરમાણુ કાર્યરૂપે પરિણમતો નથી. જીવને કારણે શરીરના રજકણો કાર્યરૂપે પરિણમે છે—એમ નથી. તેમ જ શરીરાદિના કારણે જીવમાં સમ્યગ્દર્શન વગેરે કાર્ય થાય છે એમ પણ નથી. પૂર્વ પરિણામે પરિણમેલો આત્મા જ પછીના પરિણામરૂપે પરિણમે છે. તેથી આત્માના કારણ-કાર્ય આત્મામાં જ છે, આત્માના કારણ-કાર્ય બહારમાં નથી. સ્વતંત્ર વસ્તુસ્વભાવ છે, તે વસ્તુ પોતે જ પોતાના પરિણામથી સહિત કાર્ય-કારણપણે વર્તે છે, કર્મના પરમાણુઓ પહેલાં બીજી અવસ્થારૂપે હતા ને પછી કર્મરૂપે પરિણમ્યા, ત્યાં તે પરમાણુઓ જ તેનું કારણ છે, જીવના વિકારને લીધે તે કર્મની અવસ્થા થઈ નથી. વળી કર્મને લીધે જીવની વિકારી અવસ્થા થઈ નથી, પણ પૂર્વ અવસ્થામાં વર્તતો જીવ જ કારણ થઈને પછીની પર્યાયરૂપે પરિણમે છે. જગતની વસ્તુ પોતે જ પોતાનું કાર્ય કરતી પરિણમે છે. બીજો એમ કહે કે હું પરનું કાર્ય કરી દઉં તો તે જીવ મૂઢ છે, તેણે વસ્તુના સ્વરૂપને જાણ્યું નથી, આ તો વસ્તુના સ્વરૂપનું વર્ણન છે. લોકમાં જેટલા દ્રવ્યો છે તે બધાયે દ્રવ્યોમાં સમયે સમયે પૂર્વપર્યાય સહિત દ્રવ્ય તે કારણરૂપ છે ને ઉત્તરપરિણામરૂપ દ્રવ્ય તે કાર્ય છે. પાટા ઉપર રેલગાડી દોડતી હોય, ત્યાં પાટાને કારણે રેલ દોડતી નથી, ને એન્જિનના કારણે પણ ડબ્બા દોડતાં નથી. ડબ્બાના એકેક રજકણો સ્વતંત્રપણે પોતાના કારણથી જ પૂર્વપર્યાયને છોડીને નવી પર્યાયરૂપે પરિણમે છે. એ જ પ્રમાણે શિષ્યના આત્માને

અસંખ્યાત છે, જગતના બધા પદાર્થો અનેકાંતસ્વરૂપ છે. વસ્તુપણે એક છે ને ગુણપર્યાયપણે અનેક છે. આવું વસ્તુસ્વરૂપ છે. દરેક વસ્તુ અનંત ગુણ-પર્યાયો સહિત હોવાથી અનેકાંતસ્વરૂપ છે.

અનેકાંતસ્વરૂપ વસ્તુ જ પોતાની અર્થક્રિયાને કરે છે તેમ હવે કહે છે:—

यत् वस्तु अनेकान्त तत् एव कार्य करोति नियमेन ।
बहुधर्मयुतः अर्थः कार्यकरः दृश्यते लोके ॥ २२५ ॥

અર્થ:—જે વસ્તુ અનેકાંત છે, અનેક ધર્મસ્વરૂપ છે તે જ નિયમથી કાર્ય કરે છે. લોકમાં પણ બહુધર્મયુક્ત પદાર્થ છે તે જ કાર્ય કરવાવાળો દેખાય છે. ૨૨૫.

એકાંત નિત્યવસ્તુ હોય તો તેમાં નવું કાર્ય થાય નહિ. કથંચિત્ નિત્ય અનિત્ય ઇત્યાદિ અનેકાંતસ્વરૂપ વસ્તુ જ પોતાનું કાર્ય કરે છે.

પરમાણુ સદા એક સરખા રહેતા નથી, તેના દ્રવ્ય ગુણપણે ત્રિકાળ ટકીને તેનામાં ક્ષણે ક્ષણે નવી નવી અવસ્થા થાય છે. વસ્તુ પોતે પોતાના અનેકાંત સ્વભાવથી જ પોતાના કાર્યને કરે છે. અનેકાંતસ્વરૂપ પદાર્થ પોતે જ પોતાનું કાર્ય કરનારો છે. બીજો કોઈ તેનું કાર્ય કરનારો નથી. શરીર ચાલે તે કાર્ય કરનારા તેના પરમાણુઓ જ છે. જીવનો તો તેમાં અભાવ છે. દરેક વસ્તુમાં પોતાના અનંતાધર્મો છે, ને પોતાના સ્વભાવથી જ દરેક પદાર્થ કાર્ય કરતો જગતમાં દેખાય છે.

દરેક દ્રવ્યનું સ્વમાં અનંતધર્મપણું સ્વયંસિદ્ધ છે, તેના કાર્યમાં બીજાનો હાથ નથી. અંદર સ્વસંવેદન પ્રત્યક્ષથી નિઃસંદેહપણે જેણે જાણ્યું છે તે કહે છે કે આવું જ અનેકાંતસ્વરૂપ ત્રણેકાળે છે ને તેથી એક તે જ અનેક, નિત્ય તે જ અનિત્ય, પોતપોતાના કારણે છે અને તેથી દરેક દ્રવ્ય પોતે પોતાના કારણ-કાર્યરૂપે પરિણમે છે. સંયોગબુદ્ધિથી છૂટી અંશે પ્રત્યક્ષ સ્વપ્રકાશક જ્ઞાનવાન થયો તે પરજ્ઞેય કેવા છે તે નક્કી કરી શકે.

બધા દ્રવ્યો નિરંતર પોતાના કારણે પરિણમનરૂપ કાર્ય કરી રહ્યાં છે, ત્રિકાળ સ્વતંત્ર છે. આવી સત્યાર્થ ભાવના ભવ્યજનને આનંદજનની છે.

એક વસ્તુમાં સામાન્ય વિશેષ એક અનેક, નિત્ય અનિત્ય સ્વપણે અસ્તિ-પરપણે નાસ્તિ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિનું એક સાથે પ્રકાશવું તે અનેકાંત છે. તેથી દરેક વસ્તુ કાર્ય કરનાર દેખાય છે.

આવું વસ્તુસ્વરૂપ જેણે જાણ્યું તેણે સ્વપરવસ્તુનું સ્વતંત્રપણું જાણ્યું છે ને તેને સાચી ભાવના હોય છે. [ક્રમશઃ]

—૦—

પર્યાયદષ્ટિ છોડાવવા ને દ્રવ્યદષ્ટિ કરાવવા

# * જીવને ક્ષાયિકભાવનાં સ્થાન નથી *

[ શ્રી નિયમસારશાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

શ્લોકાર્થ:—(અશુભ તેમજ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ એવાં ફળોને છોડીને જે જીવ હમણાં સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે, તે જીવ અલ્પકાળમાં મુક્તિને પામે છે—એમાં શો સંશય છે? ૫૭.

"આત્મા જ્ઞાનદર્શનાદિની શક્તિ અપેક્ષાએ નિત્ય છે ને સમય સમયના પરિણામની અપેક્ષાએ અનિત્ય છે."

જેને આત્મશાંતિ જોઈતી હોય અથવા ધર્મ જોઈતો હોય તેણે શું કરવું? તેણે શુદ્ધ આત્મતત્ત્વનો અનુભવ કરવો. શરીર, મન, વાણી તો જડ છે, તેનાથી આત્મા જુદો છે તેની વાત અહીં નથી પણ આત્મામાં બે પડખાં પડે છે. આત્મા પોતે નિત્ય રહીને અવસ્થામાં ક્ષણે ક્ષણે પલટાય છે. આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર અસ્તિત્વાદિ અનંત ગુણોનો ભંડાર છે. તે ગુણો નિત્ય સદશ રહે છે તે અપેક્ષાએ આત્મા નિત્ય છે ને વર્તમાન અવસ્થામાં શુભાશુભભાવોરૂપી વિકાર ન જ હોય તો વર્તમાનમાં દુઃખ ને આકુળતા છે તેને જીવ અનુભવે છે ને તે ટાળવા માગે છે, માટે વર્તમાન પર્યાયમાં શુભાશુભભાવોરૂપી વિકાર પ્રગટ છે ને મૂળ સ્વભાવ આનંદસ્વરૂપ નિત્ય ન હોય તો દુઃખ ટાળી સુખ પ્રગટ કરવાનો પ્રસંગ રહેતો નથી ને અજ્ઞાન ટાળી જ્ઞાન કરવાનું બની શકે નહિ. નિત્યના આધાર વિના શાંતિ કોના આધારે પ્રગટી? માટે આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રનો પિંડ શક્તિરૂપે નિત્ય છે ને અવસ્થામાં અનિત્ય છે–પલટન પામે છે ને સંસારમાં શુભાશુભ ભાવોરૂપે પરિણમે છે.

"અજ્ઞાની પોતાનો જ્ઞાનસ્વભાવ ચૂકે છે ત્યારે કર્મના લક્ષે સ્વભાવથી વિપરીત લક્ષણવાળા શુભાશુભભાવો કરે છે."

"(અશુભ તેમજ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં નિજરૂપથી વિલક્ષણ"—તેનો અર્થ થાય છે. જીવ પોતાના શુદ્ધસ્વભાવને ચૂકે છે. પર પદાર્થો ઉપર ને અવ્યક્તપણે જડકર્મો ઉપર તેનું લક્ષ જાય છે તેથી વિકાર થાય છે. શુભાશુભભાવ બન્ને વિકાર છે ને તેને કારણે પુણ્ય-પાપરૂપી કર્મો બંધાય છે તે કર્મોને વિષવૃક્ષો કહે છે. પોતે ચિદાનંદસ્વરૂપ આત્મા છે. પોતાનું સુખ પોતામાં છે. તેનું લક્ષ ચૂકી જાય છે ત્યારે

કર્મરૂપી વિષવૃક્ષ ઉપર લક્ષ જાય છે ને તેના ફળમાં વિકાર થાય છે. અનાદિથી જીવ પોતાનો ચૈતન્યસ્વભાવ ચૂકેલો છે. હું ચૈતન્ય છું, શરીર, મન, વાણી પર છે. પુણ્ય-પાપ ઝેર છે, વિકાર છે તેવું સાચું જ્ઞાન કર્યું નથી તેથી નિત્યાનંદસ્વભાવ છોડી પોતાના સ્વભાવથી વિલક્ષણ એટલે આકુળતાવાળી શુભાશુભ લાગણીઓ ઊભી કરે છે. અનાદિકાળથી જીવ પુણ્ય-પાપમાં રોકાઈ ગયો છે, પોતે જાણનાર–દેખનાર છે—એમ જ્ઞાન કરે તો જ્ઞાનનો વિકાસ થાય ને વિકાર ન થાય. પણ પોતે જાણનાર–દેખનાર રહેતો નથી તેથી જ્ઞાનનો વિકાસ થતો નથી ને વિકાર થાય છે. પુણ્ય-પાપની આકુળતા વિનાનું જ્ઞાનસ્વરૂપ તે નિજરૂપ છે તેનાથી વિપરીત લક્ષણવાળા–આકુળતાવાળા પરિણામ અજ્ઞાની કરે છે.

**"શુભાશુભભાવોની રુચિ છોડી શુદ્ધસ્વભાવની રુચિ કરે છે તેને ધર્મદશા પ્રગટે છે."**

હવે જેને શાન્તિ જોઈતી હોય તેણે પોતાના સ્વભાવથી વિપરીત લક્ષણવાળા આકુળતાવાળા શુભાશુભ ભાવોની રુચિ છોડવી જોઈએ. પોતે શુદ્ધ ચૈતન્યમય આત્મા છે. જ્ઞાન, દર્શનાદિનો પિંડ છે. તેનું લક્ષ ચૂકે છે ને કર્મરૂપી ઝેર–ઝાડનો આશ્રય લે છે તો સ્વભાવથી વિપરીત ફળ ઉત્પન્ન થાય છે, ને તેને લીધે અજ્ઞાની પ્રત્યક્ષ આકુળતાને ભોગવે છે. મમતા રોકડી દેખાય છે તેની રુચિ છોડી સહજ આનંદસ્વરૂપ આત્માનો આશ્રય લે તો સહજ શાંતિને ભોગવે છે. ધર્મદશાનુ ફળ નિરાકુળતા છે તે પણ રોકડી દેખાય છે. ધર્મ આજે કરે ને શાંતિ કાલે મળે અથવા પછીના ભવે મળે એમ નથી, પણ તરત શાંતિ મળે તેમ છે.

**"અજ્ઞાની મિથ્યા કલ્પનાથી આકુળતાને પ્રત્યક્ષ ભોગવે છે, જ્ઞાની સાચા જ્ઞાનના કારણે શાંતિને પ્રત્યક્ષ ભોગવે છે."**

આ દિવાળીના દિવસો આવે છે. માણસો હરવા–ફરવા ને ખાવા–પીવામાં આનંદ માને છે. ભાઈ! તેમાં તો પ્રત્યક્ષ આકુળતા છે. પોતાના જ્ઞાનસ્વભાવને ચૂકીને પરમાં સુખ છે એવી કલ્પના ઊભી કરે છે તે પોતાના સુખામૃતને લૂંટનારી છે. તે કલ્પના છોડી પોતાના જ્ઞાનસ્વભાવની રુચિ કરે તો અંતર શાંતિ થશે ને તે તુરત અનુભવમાં આવે એમ છે. અને તો જ પોતાનો દી પોતાના તરફ વાળ્યો કહેવાય. એ સાચી દિવાળી છે.

વળી અજ્ઞાની જીવ પરમાં ને શુભાશુભ ભાવોમાં ધર્મ માની રહ્યો છે. શુભાશુભ પરિણામ તો પ્રત્યક્ષ ઝેર છે તેની રુચિવાળો જીવ આકુળતા ભોગવે છે માટે તેની રુચિ છોડી નિજ જ્ઞાનાનંદ સ્વરૂપી આત્માના શ્રદ્ધા–જ્ઞાન કરે તો શાંતિનો અનુભવ થતાં વાર

લાગશે નહિ. "अन्धुना" શબ્દ કહેલ છે તે જીવ હમણાં નિજ આત્માનો આશ્રય લે તો તેને શાંતિ મળે ને પ્રત્યક્ષ શાંતિને ભોગવે છે.

**"શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાન થતાં શ્રદ્ધા અપેક્ષાએ મુક્તિ છે ને સ્થિરતા કરતાં સર્વથા મુક્તદશા ને આનંદ દશા છે."**

આ ઉપરથી નક્કી થયું કે સંસારદશામાં શુભાશુભભાવો પર્યાયમાં થાય છે પણ તે આકુળતાવાળા છે ને તે પરલક્ષે થાય છે તેથી દુઃખનો ભોગવટો થાય છે ને સ્વભાવનું લક્ષ કરે તો સહજ સ્વાભાવિક આનંદને ભોગવે છે. આત્મા કાયમ રહીને પલટન પામે છે. દષ્ટિ ફરતાં શાંતિને અનુભવે છે. એ ધર્મની શરૂઆત છે ને ચારિત્રદોષને લીધે અલ્પરાગ બાકી છે તે પોતાના શુદ્ધ સ્વભાવમાં સ્થિરતાં કરતાં રાગનો નાશ થઈ વીતરાગદશા થઈ કેવલદશા પ્રાપ્તિ કરી મુક્તિને પામે છે તેને પછી સંસારમાં અવતાર લેવો પડતો નથી. અહીં જગતના જીવોને સાગમટું નોતરું આપે છે કે હે જીવો! શુભ તેમ જ અશુભ ભાવોની રુચિ તે ઝેર છે તેમાં આકુળતા છે માટે તેની રુચિ છોડી પોતાના શુદ્ધ ચૈતન્યની રુચિ કરો તો ધર્મદશા પ્રગટ થશે. વિશેષ સ્થિરતાં થતાં ક્રમે ક્રમે આગળ વધતાં મોક્ષદશાને પામશો. આ સિવાય બીજે રસ્તે મુક્તિ નથી. પુણ્ય-પાપમાં આનંદ નથી. અંતરતત્ત્વમાં આનંદ ભર્યો છે તેમાંથી પરમાનંદ દશા પ્રગટ થાય છે તેમાં શો સંશય છે? એટલે કે તે સંશય રહિત વાત છે.

"સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહિ;
સ્થાનો ન ઉપશમભાવનાં, કે ઉદયભાવ તણાં નહિ."

અન્વયાર્થ:—જીવને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી, ક્ષયોપશમ સ્વભાવનાં સ્થાનો નથી, ઔદયિકભાવનાં સ્થાનો નથી, ઉપશમનાં સ્થાનો નથી. ૪૧.

ટીકા:—ચાર વિભાવ-સ્વભાવોનાં સ્વરૂપ કથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.

**"અવસ્થામાં રહેલી વિપરીતતા તથા અધૂરાશનો નાશ થઈ સ્વભાવ જેવી જ પૂર્ણ દશા પર્યાયમાં પ્રગટ થવી તેને ક્ષાયિકભાવ કહે છે."**

'કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે.'

આત્મા વસ્તુ સ્વભાવે ત્રિકાળ શુદ્ધ છે તેની પર્યાયમાં પુણ્ય-પાપના વિકારી ભાવો થાય છે તે ભાવ અંતરસ્વભાવમાં નથી પણ પરલક્ષે નવો ભાવ થાય છે તેને ઉદયભાવ કહે છે ને તેના પરિણામમાં દ્રવ્યકર્મ બંધાય છે. વિકાર જે ઉદયભાવ છે એ આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છે એવા શ્રદ્ધા-જ્ઞાન કરી, આનંદકંદ સ્વભાવમાં પૂર્ણ એકાગ્રતા કરી વિકાર ને અપૂર્ણતા ન રહે અને નિમિત્તરૂપ કર્મ ન રહે

તેને ક્ષાયિકભાવ કહે છે. અપૂર્ણ જ્ઞાનનો વ્યય થઈ પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટે, અપૂર્ણ દર્શનને વ્યય થઈ પૂર્ણ કેવળદર્શન પ્રગટે, અપૂર્ણ વીર્યનો વ્યય થઈ પૂર્ણ અનંતવીર્ય પ્રગટે વિપરીત શ્રદ્ધા ને વિપરીત આચરણનો નાશ થઈ પૂર્ણ પ્રતીતિ ને પૂર્ણ આચરણ પ્રગટે તેને ક્ષાયિકભાવ કહે છે ને નિમિત્તરૂપે તે તે કર્મોનો ક્ષય થયો હોય છે.

**"સાધક જીવને ક્ષાયિકભાવ પ્રગટ નથી. પ્રગટ નથી તેનો વિચાર કરતાં રાગ થાય છે પણ ધર્મ થતો નથી."**

કેવળજ્ઞાનાદિની જે પર્યાયો પ્રગટે છે તે નવી પ્રગટે છે. ક્ષાયિકભાવ પણ આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. અધૂરાશ ને વિપરીતતાનો ક્ષય કરી તેમ જ નિમિત્તરૂપે કર્મોનો ક્ષય કરીને નવો ઉત્પન્ન થયેલો ભાવ તે ક્ષાયિકભાવ છે. નીચલી દશાવાળાને તે ભાવ પ્રગટ નથી ને જે ભાવ પ્રગટ નથી તેનો વિચાર કરે તો રાગની ઉત્પત્તિ થાય છે. માટે ક્ષાયિકભાવના આશ્રયે ધર્મ થતો નથી. કેવળી ભગવાનને ક્ષાયિકભાવ પ્રગટ થઈ ગયો છે તેને હવે કાંઈ કરવાનું બાકી નથી. પણ જેને પ્રગટ થયો નથી તેણે ધર્મ કરવા માટે કોનો આશ્રય લેવો? દેવ–શાસ્ત્ર–ગુરુના આશ્રયની તો વાત નથી તેના આશ્રયે તો ધર્મ નથી. પોતામાં થતાં દયા-દાનાદિ ભાવો ઔદયિક ભાવ તે વિકાર છે. વિકારના આધારે અવિકારી દશા થાય નહિ. પણ ઔદયિક ભાવનો નાશ થતાં પ્રગટ થયેલા ક્ષાયિકભાવનું પણ અવલંબન કરવા જેવું નથી કારણ કે તે એક સમયની પર્યાય છે. વળી તે નવી પ્રગટે છે, કર્મના ક્ષયની અપેક્ષા રાખે છે, તેના લક્ષે રાગ થાય છે પણ ધર્મ થતો નથી. કેવળજ્ઞાન પ્રગટ થયા પછી પણ કેવળજ્ઞાનમાંથી કેવળજ્ઞાન પ્રગટતું નથી. પણ ધ્રુવ સ્વભાવમાંથી કેવળજ્ઞાન સમયે સમયે પ્રગટે છે. માટે શુદ્ધ સ્વભાવ પરમપારિણામિકભાવ આલંબન કરવા જેવો છે. ક્ષાયિકભાવનું અવલંબન કરવા જેવું નથી. પર્યાયદૃષ્ટિ છોડાવવા ને દ્રવ્યદૃષ્ટિ કરાવવા જીવને ક્ષાયિકભાવોનાં સ્થાન નથી એમ કહ્યું છે.

આ વાત ઘણી સૂક્ષ્મ છે. જીવ લૌકિક અભ્યાસમાં વખત ગાળે છે તેમ આને માટે વખત લેવો જોઈએ. આત્મા વસ્તુ છે, જ્ઞાન-દર્શનનો પિંડ છે. વર્તમાનમાં આકુળતા છે. આકુળતા ન હોય તો પ્રગટ આનંદ હોવો જોઈએ. તે આકુળતા ટાળી પરમાનંદ દશા પ્રગટ કેમ કરવી તેની રીત બતાવે છે. ભાઈ! તું સ્વભાવને ચૂકે છે તો રાગદ્વેષ થાય છે ને નિમિત્તરૂપે કર્મ બંધાય છે. સાચા શ્રદ્ધા જ્ઞાન કરતાં તે ભૂલ ટળી જાય છે ને વીતરાગતા ને કેવળજ્ઞાન થાય છે ને કર્મો પણ ટળી જાય છે તે નવી પૂર્ણ અવસ્થાને ક્ષાયિકભાવ કહે છે પણ તેનું અવલંબન કરવા જેવું નથી. પૂર્ણ શુદ્ધસ્વભાવ પરમ પારિણામિકભાવનું અવલંબન કરવાથી ધર્મદશાની શરૂઆત થઈને પૂર્ણદશા ક્ષાયિકભાવ પ્રગટે છે.

"ક્ષાયોપશમિકભાવ આત્મામાંથી ટળી જાય છે તેથી તે જીવનું ખરું સ્વરૂપ

નથી, તેના લક્ષે ધર્મ થતો નથી.”

“કર્મોના ક્ષયોપશમે જે ભાવ હોય તે ક્ષાયોપશમિકભાવ છે.”

જીવે અમુક કર્મનો નાશ કર્યો છે ને અમુક કર્મો હજી નાશ કરવા બાકી છે એવા કર્મોના ક્ષયોપશમના નિમિત્તે જીવને પર્યાયમાં ક્ષયોપશમભાવ હોય છે. આત્માનું ભાન થયા પછી પણ સમ્યગ્જ્ઞાન અંશે પ્રગટ્યું છે ને અમુક બાકી છે, આવરણવાળું છે. ક્ષયોપશમભાવ આત્માની પર્યાય છે તે આત્મામાંથી ટળી જાય છે માટે તે આત્માનું ખરું સ્વરૂપ નથી. તેના અવલંબનથી રાગની ઉત્પત્તિ થાય છે ને પર્યાયમાંથી પર્યાય પ્રગટે નહિ માટે તેનું શરણ લેવા જેવું નથી. પરમપારિણામિક ભાવનું અવલંબન કરવાથી ધર્મદશા પ્રગટે છે. ક્ષયોપશમભાવ જીવની પર્યાય હોવા છતાં તે જીવનું ખરૂં સ્વરૂપ નથી. તેથી દ્રવ્યદૃષ્ટિ કરાવવા કહ્યું છે કે જીવને ક્ષયોપશમસ્વભાવનાં સ્થાનો નથી.

“ઔદયિકભાવ વિકારી ભાવ છે. તેના લક્ષે ધર્મ થતો નથી.”

‘કર્મોના ઉદયે જે ભાવ હોય તે ઔદયિકભાવ છે.’ પોતાના શુદ્ધ સ્વભાવને ચૂકીને કર્મના ઉદયે કર્મનું લક્ષ કરી જે શુભ કે અશુભ ભાવો થાય છે તે ઔદયિક ભાવ છે. તે વિકારીભાવ છે. ગમે તેવો શુભભાવ હોય તોપણ તે ઔદયિકભાવ છે, વિકાર છે, તે પોતાની પર્યાય હોવા છતાં આત્માનું ખરૂં સ્વરૂપ નથી માટે વિકારના લક્ષે ધર્મ થતો નથી. તેથી જીવને ઔદયિકભાવનાં સ્થાનો નથી એમ કહી વિકારનું લક્ષ છોડાવી શુદ્ધ જીવનું લક્ષ કરવા કહ્યું છે.

“ઔપશમિકભાવ અધૂરી નિર્મળ પર્યાય છે, તેના લક્ષે ધર્મ થતો નથી.”

‘કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે.’

પાણીમાં નીચે મેલ હોય પણ ઉપર પાણી ઠરીને ચોકખું હોય તેમ કર્મ સત્તામાં છે, ઉદયમાં નથી, તે દબાણું છે—તેના નિમિત્તે આત્માની અવસ્થામાં મલિનતાને દાબી દેવાથી ઉત્પન્ન થતો નિર્મળ ભાવ તે ઉપશમભાવ છે. સત્તામાં કર્મ પડેલા છે, ઉપશમભાવ આત્માની નિર્મળ પર્યાય હોવા છતાં આત્મામાંથી તે ટળી જાય છે. તે આત્માનું ખરું સ્વરૂપ નથી. પર્યાયના લક્ષે રાગ ઉત્પન્ન થાય છે. વળી અધૂરી નિર્મળ પર્યાયમાંથી નિર્મળ પર્યાય પ્રગટતી નથી. નિર્મળતા પ્રગટવાનું કારણ પરમ પારિણામિકભાવ છે તેથી શુદ્ધ જીવનું લક્ષ કરાવવા જીવને ઉપશમ સ્વભાવભાવનાં સ્થાનો નથી એમ કહ્યું.

“પરમ પારિણામિકભાવ અનાદિ અનંત એકરૂપ શુદ્ધ છે. તેના આશ્રયે ધર્મ થાય છે.”

‘સકળ કર્મોપાધિથી વિમુક્ત એવો, પરિણામે જે ભાવ હોય તે પારિણામિકભાવ છે.’

અહીં સકળ કર્મોપાધિથી વિમુક્તનો અર્થ કર્મથી છૂટો થયેલો એમ ન લેવો પણ

જે ભાવમાં કર્મોની અપેક્ષા નથી તેને વિમુક્ત કહેવો. જેવો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ છે તેવો જે પરિણમે તેને પારિણામિકભાવ કહે છે. ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ ને પર્યાય પણ શુદ્ધ તે સહિત જે છે તેને કારણપરમાત્મા કહે છે. સ્વભાવ ગુણ પર્યાયોથી સંયુક્ત ને ત્રિકાળ નિરાવરણ નિરંજન પરમાત્મા છે તેવા પરમાત્માના એકરૂપ રહેતાં શુદ્ધ ભાવને પરમ પારિણામિકભાવ કહે છે.

ઔદયિકાદિ ભાવો પર્યાયના છે. ત્રિકાળી સ્વભાવના તે ભાવો નથી. પરમ પારિણામિક ભાવ આ ચાર ભાવોથી રહિત છે-જે દ્રવ્યનો ભાવ છે, ત્રિકાળ એકરૂપ શુદ્ધભાવ છે તે બતાવવાનો હેતુ એ છે કે ચારે ભાવો અનિત્ય છે તે અનિત્યનું લક્ષ છોડાવી નિત્ય પરમ પારિણામિકભાવનું લક્ષ કરાવેલ છે.

ચારે ભાવ ઉપરની પર્યાયબુદ્ધિ છોડાવી પરમ પારિણામિકભાવ ત્રિકાળી એકરૂપની દ્રવ્યબુદ્ધિ-સ્વભાવબુદ્ધિ કરાવી છે.

વસ્તુ ધ્રુવ છે, તેમાં થતી અવસ્થા ક્ષણિક છે.

અવસ્થાના લક્ષે રાગ થાય છે. તેથી ધ્રુવ ચૈતન્યસ્વભાવમાં આ ચાર ભાવો નથી એમ કહી શુદ્ધ સ્વભાવ પરમ પારિણામિકભાવની શ્રદ્ધા કરાવી છે ને તેના શ્રદ્ધા-જ્ઞાનથી ધર્મ થાય છે.

—o—

## * વિશ્વાસ લાવ *

આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. જેમ બરફ શીતળતાની મોટી પાટ છે, તેમ આત્મા શીતળતાની મોટી પાટ છે, અનંત અનંત અતીન્દ્રિય આનંદની મોટી પાટ છે, અનંત સર્વજ્ઞતાની મોટી પાટ છે, આત્મા એટલે અનંતી પ્રભુતાની મોટી પાટ છે, અનંતી વિભુતાની મોટી પાટ છે, એમ અનંત અનંત ગુણોની પૂર્ણાનંદથી ભરેલી મોટી પાટ છે. વસ્તુ છે તે સદાકાળ એવી ને એવી જ રહી છે, ભલે નરક નિગોદ આદિના અનંતા ભવો કર્યા છતાં વસ્તુ જ્ઞાનાનંદસ્વરૂપ એ તો સદાકાળ એવી ને એવી રહી છે. એનો અંદરમાં વિશ્વાસ આવવો જોઈએ. —પૂજ્ય ગુરુદેવ

[ હું તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય છું....ટાઈટલ ૨ થી ચાલુ ]

હું રાગવાળો છું કે રાગથી કોઈનું કાંઈ ભલું કરી શકું છું,—પરની દયા પાળી શકું છું, ગરીબને વસ્ત્રપાત્ર કે અન્ન વગેરે આપી શકું છું, રોગીની સેવા કરી શકું છું, છોકરાંઓને કેળવણી આપી શકું છું વગેરે—એ તો મારામાં છે જ નહિ,—એ એક વાત. બીજી વાત એ કે—હું તો પૂર્ણાનંદઘન જ્ઞાયક દ્રવ્ય જે છું તે જ છું અને મારામાં જે ત્રિકાળશુદ્ધ સહજ જ્ઞાન, સહજ સુખ, સહજ વીર્ય આદિ અનંત ગુણો છે તે તેના તે જ છે, જેવા ને તેવા જ છે. ગમે તે ગતિમાં, ગમે તે યોનિમાં કે ગમે તે ભવમાં રખડયો તોપણ મારા ગુણો તો તેવા ને તેવા જ છે. અહા ! સમજાય છે કાંઈ? આ તો બધા હીરાના કણિયા છે ! અરે ! વિશ્વાસ આવવો કઠણ છે બાપુ ! અજ્ઞાનદશા વખતે પણ હું શાશ્વત ધ્રુવ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જે છું તે જ હતો; મારામાં જે ગુણો છે તે તેના તે જ હતા, તેવા ને તેવા જ હતા.

**'હું એકેન્દ્રિયના ભવમાં ગયો ત્યાં મારામાં કાંઈ ઘટી ગયું નથી અને દેવના ભવમાં ગયો ત્યાં મારો કોઈ ગુણ વધી ગયો નથી.'**

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કે સાધારણ તથા પ્રત્યેક વનસ્પતિ જેમનું શરીર છે તેઓ એકેન્દ્રિય જીવો છે. સાધારણ વનસ્પતિ અર્થાત્ નિગોદના ભવમાં એક શરીરાશ્રિત અનંત જીવ ભગવાને કહ્યા છે. લસણ, ડુંગળી, સેવાળ વગેરેની એક રાઈ જેટલી કટકીમાં અસંખ્યો શરીરો અને તે દરેક શરીરમાં અનંત જીવો હોય છે. નિગોદમાં લબ્ધ્યપર્યાપ્તક વખતે અક્ષરના અનંતમા ભાગપ્રમાણ—જઘન્ય અલ્પ—જ્ઞાનનો વિકાસ હોય છે; તે વખતે પણ વસ્તુનાં દ્રવ્ય ને ગુણ જેવડાં ને તેવડાં જ છે. કોઈ પંડિત કહે છે કે—પર્યાયમાં અશુદ્ધતા આવી તો સાથે સાથે દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું. ભાઈ! 'દ્રવ્ય અશુદ્ધ થયું' તે પર્યાયની અપેક્ષાએ કહેવાય, પણ દ્રવ્ય-અપેક્ષાએ દ્રવ્ય અને તેના ગુણ કદી અશુદ્ધ થતાં નથી. પ્રવચનસારમાં 'શુભ કે અશુભમાં પ્રણમતાં શુભ કે અશુભ આત્મા બને' એમ આવે છે, પણ એ તો પર્યાય-અપેક્ષાની વાત છે. અશુદ્ધ-દ્રવ્યાર્થિક-નયથી દ્રવ્ય અશુદ્ધ થયું કહેવાય. અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહો, વ્યવહારનય કહો કે પર્યાયનય કહો—બધું એક જ છે. દ્રવ્યને અશુદ્ધ એટલાં માટે કહ્યું કે દ્રવ્ય પોતે જ પર્યાય-અપેક્ષાએ અશુદ્ધતારૂપ પરિણમ્યું છે. પરંતુ અશુદ્ધ, પર્યાયપણે થયું છે, દ્રવ્યપણે બિલકુલ નહિ.

પર્યાય-અપેક્ષાએ મારામાં વિભાવ ને અલ્પતા થઈ હોવા છતાં દ્રવ્ય-અપેક્ષાએ મારામાં કાંઈ ઘટ-વધ થઈ નથી, હું તો સદા એકરૂપ પરિપૂર્ણ ચૈતન્ય વિજ્ઞાનઘન છું. બટાટા શક્કરકંદ, દૂધી વગેરે એકેન્દ્રિયના ભવમાં ગયો ત્યાં મારા દ્રવ્યસ્વભાવમાં કાંઈ ઘટી ગયું નથી અને દેવ કે ઊંચા મનુષ્યના ભવમાં ગયો ત્યાં મારો કોઈ ગુણ વધી ગયો નથી, દ્રવ્યસ્વભાવે તો હું સદા જેવો ને તેવો જ પરિપૂર્ણ છું.

'—આવી દ્રવ્યદૃષ્ટિ તે જ એક ઉપાદેય છે.'

મારું વિજ્ઞાનઘન ચૈતન્ય દ્રવ્ય જે છે તે જ છે, જેવું ને તેવું જ પરિપૂર્ણ મારા જ્ઞાનાદિ ગુણો પણ જેવા ને તેવા જ પરિપૂર્ણ રહ્યા છે; તેમાં કાંઈ પણ થઈ નથી—આવી જે નિજ પરિપૂર્ણ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યની દૃષ્ટિ તે જ એક ઉપાદેય છે. ઉપાદેય, આશ્રય કરવા યોગ્ય કે આલંબન લેવા યોગ્ય તો એકમાત્ર ત્રિકાળશુદ્ધ આત્મદ્રવ્ય જ છે. અહા! સમજાણું કાંઈ? અરે! લોકોને તો આ ગાંડ જેવી વાતો લાગે. લોકો તો ડાહ્યાના દીકરાની જેમ મોટી મોટી વાતો કરે કે—આ આમ થાય, આમ કર ને તેમ કર. બાપુ! એ તો બધી વિપરીત માન્યતાઓની છે, એ કાંઈ જ્ઞાન નથી. વ્રત લો, દયા પાળો, તપસ્યા કરો, ભાઈ! એ બધી તો ને વિકલ્પની વાતો છે, એ ધર્મ કે ધર્મનું કારણ નથી. ધર્મની દશા અર્થાત્ નિ પર્યાયનું કારણ તો નિજ ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો આશ્રય કરવો, તેનો જ ઉપા પણે સ્વીકાર કરવો તે જ છે. અહા! ઉપાદેયભૂત દ્રવ્યસ્વભાવ તો જે છે તે જ જેવો ને તેવો જ પરિપૂર્ણ શુદ્ધ છે. અરે! અલ્પજ્ઞ દશામાં પણ દ્રવ્ય ને ગુણ છે તેવાં જ રહ્યાં છે. અરે! આવો વિશ્વાસ કેમ આવે?

'જાણવું બધું, દૃષ્ટિ રાખવી એક દ્રવ્ય ઉપર.'

દ્રવ્ય, તેના ગુણો, દ્રવ્યની ને ગુણની પર્યાયો, રાગદ્વેષાદિ વિભાવો, સાધક-બા ભાવો વગેરે જાણવું બધું, પણ દૃષ્ટિ તો સદા એક નિજ શુદ્ધાત્મદ્રવ્ય ઉપર રાખ જ્ઞાન જાણે બધું—સ્વ ને પરને, સ્વભાવ ને વિભાવને, અપૂર્ણતા ને પૂર્ણતાને, દૃષ્ટિ તો, તે વખતે પણ, એક નિજ ધ્રુવ શુદ્ધ આત્મામાં જ સદા ચોંટેલી હોય દ્રવ્યસામાન્ય ઉપર જ દૃષ્ટિનો દોર બાંધવાથી સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ વગેરે બધી શુદ્ધિ પ્રગટે છે, પર્યાયના-આલંબને કાંઈ લાભ ન થાય, ઊલટું મિથ્યાત્વ પોષાય. માટે જાણ બધું, પણ દૃષ્ટિ તો એક શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવ ઉપર જ જામેલી રાખવી. અહા! સમજ છે કાંઈ? આ બધું સમજવું પડશે. અરે! એ પૈસા-બૈસાથી—ધૂળથી—આત્માનું કાં નહિ વળે. કલ્યાણ કરવું હોય, શાશ્વત સુખ પ્રાપ્ત કરવું હોય, તો અંદર આત્મા આવવું પડશે.

[ સુવર્ણપુરી સમાચાર........ટાઇટલ ૩ થી ચાલુ ]

આનંદોલ્લાસ પૂર્વક ઉજવ્યો હતો. મંગલ મહોત્સવનો શુભ પ્રારંભ શ્રાવણ સુદ ૧૨, તા. ૬-૮-૮૭ના રોજ સવારે પરમાગમમંદિરમાં 'શ્રી ચૌંસઠઋદ્ધિમંડળવિધાનપૂજા'ના અતિ ભવ્ય સમારોહથી થયો હતો. પ્રથમ દિવસે જ પરમાગમમંદિર મુમુક્ષુઓથી ભરાઈ ગયો હતો. રોજ સવારે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપરના પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મમર્મભરપૂર અનુપમ ટેપ-પ્રવચન શ્રોતા-સમુદાયને અત્યંત આનંદિત કરતા હતા. પૂજા અને ટેપ-પ્રવચના સમયે પરમાગમમંદિર ભરાઈ ગયું હતું. પૂજ્ય ગુરુદેવ દ્વારા શિખવવામાં આવેલી, અંતરમાં જ્ઞાયકદેવની તેમ જ બાહ્યમાં તદ્બોધક વીતરાગ દેવ-ગુરુની મહિમાના તાદૃશ-સ્વરૂપ નિશ્ચય-વ્યવહારના, જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના સુલભ સમન્વયના મધુર દૃશ્યને દેખીને બધાના હૃદય પુલકિત થઈ જતા હતા.

જન્મજયંતીના આ મંગલ મહોત્સવમાં બે દિવસ બપોરે તેમ જ જયંતીના રોજ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન પછી જન્માભિવાદન સમયે થયેલી પ્રશમરસમગ્ન પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસ ઝરતી આધ્યાત્મિક તત્ત્વચર્ચા કે જે વિડિયો ટેપમાં ઉતારવામાં આવી છે તેનાથી બધાને અધિક પ્રમોદ થયો હતો. બપોરે થયેલી તત્ત્વચર્ચાની વિડિયો રાત્રે સમસ્ત મુમુક્ષુસમાજને દેખાડવામાં આવી હતી. ઉત્સવના દિવસોમાં બપોરે શાસ્ત્રપ્રવચનોમાં સર્વશ્રી પ્રાણલાલભાઈ કામદાર, શશીકાંતભાઈ શેઠ, ડૉ. પ્રવિણભાઈ દોશી તેમ જ હિંમતભાઈ ડગલીએ 'બહેનશ્રીનાં વચનામૃત' પર વ્યાખ્યાન આપ્યા હતા. બધા પ્રવક્તાઓની પ્રવચનશૈલી ભાવવાહી, તાત્ત્વિકચિંતનયુક્ત, રોચક તેમ જ પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ શ્રદ્ધા અને ભક્તિરસભીની હતી.

બપોરના શાસ્ત્રપ્રવચન પછી આપણા આદરણીય અધ્યાત્મરસિક વિદ્વદ્રત્ન પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ પોતાની વૈરાગ્યરસભીની શાંત, મધુર શૈલીથી જિનેન્દ્રભક્તિ કરાવતા હતા, જેનો રસાસ્વાદ મુમુક્ષુ સમાજ મંત્રમુગ્ધ બનીને લેતા હતા. છેલ્લા બે દિવસ ઘાટકોપર તેમ જ વઢવાણની દિ. જૈન ભજન મંડળીએ પોતાના ભક્તિરસ દ્વારા ઉત્સવની શોભામાં પોતાનો ફાળો આપ્યો હતો. જે માટે બન્ને ભજન મંડળી ધન્યવાદને પાત્ર છે.

રાત્રે ૭.૪૫ થી ૮.૪૫ 'પરમાત્મપ્રકાશ' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન ચાલતા હતા. ત્યાર બાદ ૮.૪૫ થી ૧૦ સુધી તા. ૭ તા. ૮ અને તા. ૯ના અનુક્રમે જામનગર, સુરેન્દ્રનગર અને મલાડની બાલિકાઓ દ્વારા વિભિન્ન રોચક પદ્ધત્તિથી, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનું જીવન ભાવવાહી અભિનય દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવ દરમિયાન આવેલ રક્ષાબંધનનો મંગલપર્વ મુનિપૂજા તેમ જ ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવાયો હતો. સવારના ટેપ-પ્રવચન પછી 'પ્રવચન-રત્નાકર ભાગ-૧૧'ની તથા બપોરના શાસ્ત્રપ્રવચન પછી "વૈરાગ્ય-ભાવના" (પૂજ્ય

ગુરુદેવના સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપરના પ્રવચનો)ની પ્રકાશનવિધિ કરવામાં આવી હતી.

## * શ્રાવણ વદ બીજ : બહેનશ્રી-જન્મજયંતી *

પરોઢિયે ૫ વાગ્યાથી જિનમંદિર આનંદ મંગલ સૂચક ઘંટારવથી ગૂંજી ઊઠયું હતું. દેવ-શાસ્ત્ર-ગુરુદર્શનના સમયે અત્યંત સુશોભિત જન્મવધાઈ–મંડપમાં બિરાજમાન કરેલા પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ચિત્રપટ સમક્ષ 'ગુરુ–સ્તુતિ' કરવામાં આવી હતી. ત્યારબાદ પરમાગમમંદિરમાં ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા તેમ જ તેની વિધિપૂર્વક પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી પરમાગમમંદિરના પ્રાંગણમાં બનાવવામાં આવેલા વિશાળ, મનોહર તેમ જ સુશોભિત જન્મવધાઈ–મંડપમાં આપણા પરમ–આધાર પૂજ્ય ગુરુદેવશ્રીનુ 'યોગસાર' ઉપરનું અત્યંત પુરુષાર્થપ્રેરક ટેપ–પ્રવચન વિડિયો સહિત રાખવામાં આવ્યું હતું. ટેપ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવ વિભૂષિત આધ્યાત્મિક પવિત્રતા તેમ જ લોકોત્તર જાતિસ્મરણજ્ઞાન તથા તેના દ્વારા સુવિદિત પૂજ્ય ગુરુદેવશ્રીના પૂર્વોત્તર ભવોનું અને પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવિ તીર્થંકરત્વનું ગંભીર વિવરણ સાંભળીને ઉપસ્થિત ભાગ્યશાળી શ્રોતાસમૂહ અત્યંત આનંદ-વિભોર બની ગયો હતો. પ્રસંગ એટલો મનોહર અને ભવ્ય હતો કે જાણે પૂજ્ય ગુરુદેવની સાક્ષાત્ ઉપસ્થિતિ હોય અને ઉપસ્થિત મુમુક્ષુસમુદાયને સંબોધિત કરી રહ્યા હોય કે 'બહેનશ્રી માટે તો લોકો જેટલું બહુમાન કરે તેટલું ઓછું છે.'

પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ–પ્રવચન બાદ અખિલ ભારતીય મુમુક્ષુસમાજ વતી પં. શ્રી હિંમતભાઈ ડગલીએ તથા ઉપનગર ( મલાડ–મુંબઈ) દિ. જૈન મુમુક્ષુમંડળ વતી પં. શ્રી ચિમનભાઈ મોદીએ પોતાના સંક્ષિપ્ત તેમ જ સરસ ભાષણ દ્વારા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી પ્રતિ જન્મજયંતીના પ્રસંગને ઉચિત ભાવવાહી સુંદર અને શ્રદ્ધાભક્તિયુક્ત અભિવાદન પ્રસ્તુત કર્યા હતા, જે સાંભળતાં સમસ્ત શ્રોતાગણ ભાવવિભોર થઈ ગયો હતો. પૂજ્ય બહેનશ્રી મંડપમાં પધારતાં ઉપનગર દિ. જૈન મહિલામંડળની બહેનોએ ભાવવાહી મંગલ ગીત દ્વારા સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રી ચિમનભાઈ મોદી દ્વારા વિનય–ભક્તિ પૂર્વક પૂછાયેલા એક તાત્ત્વિક પ્રશ્નનો ઉત્તર પૂજ્ય બહેનશ્રીએ, પૂજ્ય ગુરુદેવશ્રીના અનુપમ અનંત ઉપકારોનું સ્મરણ કરીને, પોતાના અધ્યાત્મરસપૂર્ણ તાત્ત્વિક 'બે–શબ્દો'માં આપ્યો હતો. ત્યારબાદ ચાંદીના શ્રીફળો દ્વારા તેઓની જન્મવધાઈ કરવાની મંગલવિધિ સંપન્ન થઈ હતી. મંડપમાં પધારતી વખતે પૂજ્ય બહેનશ્રીએ પરમ પૂજ્ય સદ્ગુરુદેવના ભવ્ય વિશાળ ચિત્રપટના દર્શન કરીને જ્યારે પોતાના આસન પર બિરાજમાન થયા ત્યારે એક વિમાન ગતિ કરતું પૂજ્ય બહેનશ્રી ઉપર આવ્યું એ દૃશ્ય એટલું ભવ્ય લાગતું હતું કે જાણે સનત્કુમાર સ્વર્ગના મહાઋદ્ધિધારી દેવ ( પૂજ્ય

ગુરુદેવ ) આ મંગલ અવસરે આશિષ વરસાવવા માટે આવ્યા હોય. આ મનગમતું જન્મ દૃશ્ય દેખીને સમસ્ત સમાજ આનંદવિભોર થઈ ગયું હતું.

રજત-શ્રીફળ દ્વારા 'જન્મવધાઈ'નો અમૂલ્ય લાભ ૧૩૦ પરિવારે લીધો હતો. બાકીના સમસ્ત મુમુક્ષુઓ માટેનો દર્શનનો કાર્યક્રમ સાથે જ રાખવામાં આવ્યો હતો. વાતાવરણ એટલું આનંદોલ્લાસપૂર્ણ બની ગયું હતું કે જ્યાં જુઓ ત્યાં નાના--મોટા સૌના તન--મન ભક્તિરસથી નાચતા હતા. આ સમયે બન્ને ભજનમંડળી તેમ જ નવયુવકોએ ભક્તિરસનું એક અનોખું વાતાવરણ સર્જી દીધું હતું.

બપોરે શાસ્ત્રપ્રવચન, જિનેન્દ્રભક્તિ, સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવનું ટેપ--પ્રવચન આદિ પછી રાત્રે ( ગોગીદેવી કુમારિકા બ્ર. આશ્રમમાં ) બાલિકાઓ, બ્ર. બહેનો તેમ જ ઉપનગર--મહિલા મંડળની બહેનો આદિ દ્વારા મહિલા--મુમુક્ષુસમાજ સમક્ષ પ્રસંગોચિત સુંદર નાટક તેમજ ભક્તિ ( રાસ--ગરબા ) આદિનો વિશિષ્ટ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

—આ રીતે પૂજ્ય ગુરુદેવની પાવન પ્રેરણાથી પ્રતિવર્ષ વિશિષ્ટ આનંદોલ્લાસ પૂર્વક ઉજવાતો આ મંગલ મહોત્સવ, પૂજ્ય ગુરુદેવના મંગલ પ્રભાવના--ઉદયના ગુંજારવને વિશેષ આંદોલિત કરતો સાનંદ સમાપ્ત થયો હતો.

* 'શ્રી કુંદકહાન--યુવક--પરિવાર'ના સભ્યોએ સારી સંખ્યામાં ઉપસ્થિત રહીને મંડપના સુશોભન, ભોજન વ્યવસ્થા આદિ અનેકવિધ કાર્યોમાં પોતાનો કિંમતી સહયોગ આપ્યો હતો. તે બદલ તે બધાને ધન્યવાદ.

શ્રી જિતુભાઈ શાહ, નીલેશ તેમ જ દિલિપ મોદીએ અન્ય કાર્યકરોના સહયોગથી તૈયાર કરેલ એક અતિ ભવ્ય ઇલેક્ટ્રોનિક ફ્લોટ (FLOAT) બધાને બહુ આકર્ષિત કરતું હતું. તેમાં બતાવ્યું છે કે—અધ્યાત્મમગ્ન પૂજ્ય બહેનશ્રીને જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થાય છે. (૧) સનત્કુમારદેવ ( પૂજ્ય ગુરુદેવ )ની સાથે અન્ય દેવો પોતાના વિમાનમાં સીમંધર--સમવસરણમાં દર્શન--વાણીનો લાભ લેવા જાય છે. (૨) તીર્થંકર મહારાજા, તેમની મહારાણી, તેમના પુત્ર ( પૂજ્ય ગુરુદેવશ્રી ) તેમ જ કુટુંબીજન ( પૂજ્ય બહેનશ્રી ) તથા રાજ્યસભા. (૩) કલ્પાતીત અહમિન્દ્ર ( પૂજ્ય ગુરુદેવશ્રી )ની સાથે બીજા અહમિદ્ર ( પૂજ્ય બહેનશ્રી ) નિજ દેવાલયસ્થ શાશ્વત જિનેન્દ્ર ભગવાનના દર્શન પૂજા તેમ જ ભક્તિ કરે છે. (૪) ધાતકીખંડ--વિદેહના ભાવિ જિનવરના સમવસરણમાં ગણધરદેવ શ્રી દેવેન્દ્રકીર્તિ પ્રદક્ષિણા દઈ રહ્યા છે. આ સ્વયંસંચાલિત મનોહર દૃશ્ય બધાને અત્યંત પ્રમોદિત કરતું હતું.

* જન્મજયંતીના આ શુભાવસરે 'શ્રી ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા' (કાયમી) (૧) સ્વ. શ્રી કાંતાબેન અનુપચંદભાઈ ખારા ( રાંચી ), (૨) કેટલાંક બ્રહ્મચારિણી બહેનો ( સોનગઢ ) (૩) સ્વ. શ્રી અંજવાળીબેન જગજીવનદાસ દોશી--સાવરકુંડલા તથા (૪) સ્વ. શ્રી પોપટલાલ લહેરભાઈ તેમ જ સ્વ. શ્રી ચંપાબેન પોપટલાલ ગોસળીયા ( ચૂડા )

તરફથી તેમ જ (પ્રાસંગિક) (૧) સ્વ. શ્રી અચરતબેન લીલાધર ( સોનગઢ ), (૨) શ્રી જડાવબે નાનાલાલભાઈ જસાણી પરિવાર ( મુંબઈ ), (૩) શ્રી મૂલચંદભાઈ ખીમચંદભાઈ ઓબાળી ( કલકત્તા ), (૪) સ્વ. શ્રી વિજયકુમાર છોટાલાલ ખંધાર ( સોનગઢ ), (૫) શ્રીમતી જ્યોતિબે પ્રવીણચંદ્ર મહેતા ( સાંતાક્રુઝ ), (૬) શ્રી ઉપનગર ( મલાડ ) દિ. જૈન મુમુક્ષુમંડળ ત (૭) શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી ( મુંબઈ ) તરફથી રાખવામાં આવી હતી.

* આ મંગલ મહોત્સવમાં રક્ષાબંધ પર્વના દિને સ્થાનિક અખિલ મુમુક્ષુમંડ સહિત સમાગત મહેમાનોનું જમણ શ્રી ઉપનગર ( મલાડ ) દિ. જૈન મુમુક્ષુમંડળ તે જ શ્રી હેમકુંવરબેન નરભેરામ કામાણી ( જયશેદપુર ) તરફથી તથા બીજ (જન્મજયંતિ ના દિને શ્રી ઉપનગર દિ. જૈન મુમુક્ષુમંડળ તેમ જ શ્રી સવિતાબેન વ્રજલાલ ડેલીવાળ ( સુરત ) તરફથી રાખવામાં આવ્યું હતું.

* ઉત્સવના સમયે સહિત્ય-વેચાણમાં સ્વ. શ્રી અમૃતલાલ કાળીદાસ મેઘાણ મલાડ તરફથી ૧૦%, 'વચનામૃત-પ્રવચન'ના ચારે ભાગમાં પ્રત્યેક પ્રતિ પર રૂા. ૨/ સપાણી પરિવાર ( મદ્રાસ-હૈદ્રાબાદ ) તરફથી, રૂા. ૧/- શ્રી મોતીબેન ન્યાલચંદ (વાંકાને તરફથી તથા 'પ્રવચનરત્નાકર' (ભાગ-૧૧)માં પ્રત્યેક પ્રતિ પર રૂા. ૨-૬૦ શ્ર જગદીશભાઈ ચિમનલાલ મોદી ( મુંબઈ ) તરફથી તથા એક-એક રૂપિયો શ્રી મંજુલાબે રજનીકાંત પુનાતર તેમ જ શ્રી શાંતિલાલ દલીચંદ શાહ ( કલકત્તા ) તરફથી તથા શ્રીમતી ત્રિવેણીબેન કેશવલાલ કોઠારી ( મુંબઈ ) તરફથી ૫૦૦ ગુજરાતી તથા હિન્દી આત્મધર્મન વાર્ષિક લવાજમમાં રૂા. ૭/- ડિસ્કાઉન્ટ દેવામાં આવ્યું હતું. રૂા. ૩૩૦૦૦/-નું સાહિત્ય વેચાણું હતું.

* આ સુઅવસર પર પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથ વધાવવાની ખુશાલીમાં રૂા. ૧૭૪૦૯/- નીચે પ્રમાણે--

રૂા. ૭૪૦૦/- શ્રી રાજુભાઈ શાહ, શ્રી ચંદ્રકાંતભાઈ ઝવેરી તથા શ્રી ભૂપતભાઈ ઝવેરી, મુંબઈ

રૂા. ૫૦૦૬/- શ્રી ગુણવંતરાય મોહનલાલ ભાયાણી, મુંબઈ

રૂા. ૫૦૦૩/- શ્રી મયાભાઈ જેસીંગભાઈ પરિવાર, મુંબઈ

—તરફથી શ્રી નંદીશ્વર જિનાલય, જ્ઞાન પ્રચાર આદિ વિવિધ ખાતે જાહેર કરવામાં આવેલ.

* આ જન્મજયંતીના શુભાવસરે રૂા. ૨૧૯૪૩૧/—સંસ્થાના વિવિધ ખાતામાં આવ્યા છે:—

રૂ. ૫૭૯૪૨/—૭૪ મી જન્મજયંતીના ઉપલક્ષમાં ( [illegible] )
રૂ. ૫૪૮૨/—જિનેન્દ્ર આરતીમાં,
રૂ. ૬૩૬૦૦/—ચાંદીના શ્રીફળ દ્વારા જન્મવધાઈમાં,
રૂ. ૫૮૦૪૦/—જન્મજયંતીમહોત્સવમાં પૂજ્ય [illegible] માં તેમ જ ‘હાર’ રૂપે આવેલ રકમ,
રૂ. ૧૫૭૫૮/—અન્ય વિવિધ ખાતામાં પ્રાપ્ત [illegible]
રૂ. ૧૭૪૦૯/—પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાની [illegible]

———

એ રીતે રૂ. ૨૧૮૪૩૧/—રૂપિયાનું મુમુક્ષુઓએ આ ઉત્સવમાં [illegible]

✻ પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગમાં તેમ જ પૂજ્ય [illegible] જન્મજયંતીમાં હિન્દીભાષી મુમુક્ષુઓએ પણ વધુ સંખ્યામાં ઉપસ્થિત રહીને [illegible] પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલવર્ષિની છાયામાં [illegible] પૂર્વક તથા ધાર્મિક કાર્યક્રમ તથા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય [illegible] શ્રદ્ધાવાળા હિન્દીભાષી મુમુક્ષુઓ પ્રત્યે નિશ્ચળ તેમ જ [illegible] ધર્મવાત્સલ્ય જોઈને સમાગત હિન્દીભાષી મુમુક્ષુ આનંદાશ્રુ [illegible] મુમુક્ષુ પૂજ્ય ગુરુદેવની સાધનાસ્થલી સોનગઢમાં ફરી ફરી [illegible]

✻ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ (તા. ૨૮–૮–૮૭ થી [illegible] મંડલવિધાન પૂજા’, પૂજ્ય ગુરુદેવશ્રીના દશલક્ષણધર્મ પર [illegible] ધાર્મિક શિક્ષણવર્ગ, શાસ્ત્રવાંચન તથા જિનમંદિરમાં [illegible] મુનિવરોની ભક્તિ, રાત્રે પૂજ્ય ગુરુદેવનું ‘નાટક--સમયસાર’ [illegible] ત્યારબાદ બ્ર. આશ્રમમાં બહેનોની શાસ્ત્રસભા આદિના સમારોહપૂર્વક [illegible] પૂર્વક ઉજવવામાં આવ્યો. તા. ૮--૯--૮૭ ના રોજ ક્ષમાવણી [illegible] સમારોહપૂર્વક હર્ષોલ્લાસ સહ ઉજવવામાં આવ્યો.

—આ રીતે વીતરાગ દેવ ગુરુની મહિમા તેમ જ [illegible] વાતાવરણ સદા પ્રફુલ્લિત રહે છે. આ બધો મંગલમય પ્રતાપ છે [illegible] પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સાતિશય પ્રભાવના-ઉદયનો તેમ જ [illegible] બહેનશ્રી ચંપાબહેનની કલ્યાણી છત્રછાયાનો.

—[illegible]

—✻—

✻ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી [illegible] પ્રાપ્ત થવાની ખુશાલીમાં રૂ. ૫૦૦૧/—શ્રી સમરતબેન મોહનલાલ [illegible] તરફથી સંસ્થાના વિવિધ દાન-ખાતે જાહેર કરવામાં આવ્યા છે.

# વૈરાગ્ય સમાચાર :

* જાવલનિવાસી (હાલ–દાદર) શ્રી રિખબદાસજી કપૂરચંદજી જૈન (વર્ષ–
તા. ૨૯–૭–૮૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સુધી કૃપાળુ ક
ગુરુદેવનો ઘણો લાભ લીધો હતો.

* મલાડનિવાસી શ્રી કાકુભાઈ (–ચિમનભાઈ) પ્રાનાચંદ ડગલી (વર્ષ–૭૨)
૨૯–૭–૮૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સુધી કૃપાળુ કહાનગુરુદે
ઘણો લાભ લીધો હતો.

* લાઠીનિવાસી (હાલ–કાંદિવલી) શ્રી છોટાલાલ કેશવજી ભાયાણીના ધર્મ
અ. સૌ. લાભુબેન (વર્ષ–૭૦) તા. ૩૧–૭–૮૭ના રોજ હાર્ટ-એટેકથી સ્વર્ગવાસ પા
છે. તેઓએ અવાર-નવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવનો ઘણો જ લાભ લીધો હ
તેમને પૂજ્ય બહેનશ્રીની ૭૪મી જન્મજયંતી–મહોત્સવ ઉજવવા સોનગઢ આવવાની અત
ભાવના હતી.

* ઘાટકોપરનિવાસી શ્રી વિનુભાઈ ધારશીભાઈ મહેતા (તે શ્રી ધારશીભાઈ
મહેતાના મોટા પુત્ર) (વર્ષ–૫૭) તા. ૬–૮–૮૭ના રોજ હાર્ટ ફેઈલથી સ્વર્ગવાસ પામ્યા

* નાઈરોબીમંડળના ભૂતપૂર્વ પ્રમુખ મહોદય શ્રી લક્ષ્મીચંદભાઈ કેશવજીભાઈ
૬–૮–૮૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. નાઈરોબીનો પંચકલ્યાણક–પ્રતિષ્ઠા મહોત
સફળતાપૂર્વક ઉજવવાની મુખ્ય જવાબદારી તેમણે લીધી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીનો તેઓ
ઘણો લાભ લીધો હતો. તેઓ તત્ત્વના અભ્યાસી હતા.

* સાવરકુંડલાનિવાસી (હાલ સોનગઢ) જીજીબેન બેચરદાસ મોદી (વર્ષ–૯૩)
૨૨–૮–૮૭ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓ છેલ્લા ૩૭ વર્ષથી સોનગઢમાં પૂ
ગુરુદેવશ્રીની અમૃતવાણીનો લાભ લઈ રહ્યા હતા. તેમને પરમ પૂજ્ય ગુરુદેવશ્રી ત
પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે અત્યંત ભક્તિ હતી. સાધર્મીઓ પ્રત્યે ખૂ
વાત્સલ્યભાવ હતો. છેલ્લે સુધી તેમણે પ્રેમથી તત્ત્વનું શ્રવણ કર્યું હતું. તેઓ સ્વભાવ
સરળ અને સાચક હતા. આટલી ઉંમરે પણ હંમેશા પૂજ્ય બહેનશ્રીના વચનામૃત
વાંચન કરતા હતા.

* અંકલેશ્વરનિવાસી બ્ર. શાંતિલાલભાઈ નથુભાઈ ચોકસી (વર્ષ–૭૨) ત
૮–૯–૮૭ ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી વારંવા
સોનગઢ ઘણો સમય રહીને લાભ લેતા હતા.

—સ્વર્ગસ્થ આત્માઓએ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલ
આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામે
એ જ ભાવના.

—૦—

# સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર :—

પ્રાતઃસ્મરણીય પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો આપણા સમસ્ત મુમુક્ષુસમાજ ઉપર અસીમ અનુપમ ઉપકાર છે. તેઓની પવિત્ર સાધનાભૂમિ—અધ્યાત્મસાધનાતીર્થ સોનગઢ—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલ છાયામાં આજે પણ જ્ઞાન, વૈરાગ્ય તેમ જ ભક્તિની વિવિધ સાધના તેમ જ મુમુક્ષુઓના આવગમનથી પૂર્વવત્ સદૈવ હરીભરી રહે છે તે બધો તેઓનો જ સુપ્રતાપ છે.

## * પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ *

દરેક વર્ષની માફક, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૭૪મી જન્મજયંતીના સુઅવસર પર તા. ૨૨–૭–૮૭ થી તા. ૧૦–૮–૮૭—વીશ દિવસનો રાખવામાં આવેલો પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ તત્ત્વાભ્યાસ તેમ જ તે વડે શિક્ષણાર્થીઓમાં પ્રગટેલી તત્ત્વરુચિની દૃષ્ટિએ ઘણો જ સફળ રહ્યો. ઉત્તમ તેમ જ મધ્યમ—એમ બે વર્ગ રાખવામાં આવ્યા હતા. ઉત્તમ વર્ગમાં, સવારના પૂજ્ય ગુરુદેવશ્રીના 'પ્રવચનસાર–ચરણાનુયોગસૂચક ચૂલિકા' ઉપરના ટેપ–પ્રવચન પછી 'પ્રવચનસાર–જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન'ના દ્રવ્ય–સામાન્ય અધિકાર ઉપર તેમ જ બપોરે, શ્રી સમયસાર–પૂર્વરંગની ગાથા ૧૪ થી ૨૫ ઉપરના શાસ્ત્રવાંચન અને આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા જિનમંદિરમાં કરાવવામાં આવેલી જિનેન્દ્ર-ભક્તિ પછી, સમયસાર ગા. ૧૩, ૧૪ તેમ જ ૧૫ ઉપર શિક્ષણ આપવામાં આવતું હતું. મધ્યમ વર્ગમાં સવારે જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા તેમ જ બપોરે છ–ઢાળા ઉપર શિક્ષણ આપવામાં આવતું હતું. ઉત્તમ વર્ગમાં બ્ર. ચંદુભાઈ ઝોબાળિયાએ અને મધ્યમ વર્ગમાં વઢવાણનિવાસી બ્ર. શ્રી વ્રજલાલભાઈ ગિરધરલાલ શાહે શિક્ષણ આપ્યું હતું. શિક્ષણાર્થીઓને પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મરસ પૂર્ણ ટેપ–પ્રવચનો ઉપરાંત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના પવિત્ર દર્શન તેમ જ પ્રાયઃ રોજ બપોરે અડધા કલાકની તેઓની સ્વાનુભવરસભીની અમૃતવાણીનો પણ અનુપમ લાભ મળતો હતો. આ શિક્ષણવર્ગમાં સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, મદ્રાસ, કલકત્તા, મુંબઈ ઇત્યાદિ ભારત વર્ષના વિભિન્ન અનેક પ્રદેશોથી આવેલા મુમુક્ષુઓએ તત્ત્વાભ્યાસનો લાભ લીધો હતો. ઉત્તમ વર્ગમાં ૯૭ તેમ જ મધ્યમ વર્ગમાં ૭૮ વિદ્યાર્થી હતા. બધા મળીને ૧૭૫ વિદ્યાર્થીઓએ આ પ્રૌઢ શિક્ષણવર્ગનો લાભ લીધો હતો.

## * બહેનશ્રી ચંપાબહેનની ૭૪ મી જન્મજયંતી *

ઉપનગર (મલાડ–મુંબઈ) દિ. જૈન મુમુક્ષુ મંડળે અધ્યાત્મમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૭૪ મો જન્મજયંતી મહોત્સવ અતિ ભવ્યતા તેમ જ અત્યંત

[ અનુસંધાન માટે જુઓ પાનું....૨૫ ]

# 卐 દ્રવ્યદૃષ્ટિનો દોર મુખ્ય રાખજે 卐

જેમ દરિયો અંદરથી ઊછળે તો તે પાણીને કોણ રોકી શકે? બહારનાં પાણી ભેગાં કરતાં દરિયો ન ભરાય; અંદરથી દરિયો જે ઊછળે તે ઉછાળો જુદો જ હોય; તેમ ધારણાજ્ઞાનથી પાર ન આવે, બહારનો ક્ષયોપશમ ગમે તેટલો ભેગો કરે, પણ તે કામ ન આવે. માટે તું અંદરમાં ભેદજ્ઞાનનો સમ્યક્ પ્રયાસ કર. એક દ્રવ્યદૃષ્ટિનો દોર મુખ્ય રાખજે. એક દ્રવ્યને ગ્રહણ કર્યા પછી દ્રવ્ય તારી સાથે જ રહેવાનું છે, તું પોતે જ દ્રવ્ય છો.

—પૂજ્ય બહેનશ્રી

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જે હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વની
આત્મધર્મ-પરિવાર ક્ષમા માંગે છે.

—સંપાદક

Licence No. 3 ‘ Licensed to post without prepayment ’

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/- પ્રત : ૩૩૫૦

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012